" પ્રાર્થના એ આત્માનો ખોરાક છે. "

# પાર્થના પરિમલ


**શાળાનુ નામ**

ગામઃ–

તાલુકોઃ–

જિલ્લોઃ–






**વક્રતુંડ મહાકાય,**

**સૂર્યકોટિ સમપ્રભ,**

**નિર્વિઘ્ને કુરુમે દેવી,**

**સર્વ કાર્યેસુ સર્વદા.**



## પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈ બહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિવધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા,શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

## ॥ ધ્વજગીત ॥

વિજયી વિશ્વ તિરંગા પ્યારા,
ઝંડા ઉંચા રહે હમારા,
સદા શકિત સરસાનેવાલા
પ્રેમ સુધા બરસાનેવાલા
વીરો કો હરસાને વાલા
માતૃ ભૂમિ કા તનમન સારા.....ઝંડા ઉંચા..
શાન ન ઈસકી જાને પાયે
ચાહે જાન ભલે હી જાયે
વિશ્વ વિજય કરકે દિખલાવે
તબ હોવે પ્રણ પૂર્ણ હમારા...ઝંડા ઉંચા..
વિજયી વિશ્વ તિરંગા પ્યારા,
ઝંડા ઉંચા રહે હમારા

## સૃજનગીત

જ્ઞાન કે ઈસ પુન્ય પથ પર નવસૃજન કા સાથ હો..(2)
હમ બઢે સબકો બઢાયે,એસા દૃઢ વિશ્વાસ હો.
જ્ઞાન કે ઈસ ......
જન્મભૂમિ કે લિયે હમ કુછ તો એસા કર ચલે
શારદે કે કમલ રજ મે જી ચલે યા મર ચલે
ખુદ બઢે,સબકો બઢાયે......(2)
ઐસા સાથી સાથ હો
જ્ઞાન કે ઈસ.......
સમય કેસે બીત જાયે,કુછ સમજ ના આયેગા
પાયેગા ના કુછ તો રાહી,બાદમે પછતાયેગા
જ્ઞાન કા દિપક જલા તું....(2)
જગમે તેરા નામ હો
જ્ઞાન કે ઈસ.......
મન મે હો જો ઈચ્છાશકિત,વો સફલ હો જાયેગા
અસમર્થ હો કોઈ કિતના, મેરુ પર ચઢ જાયેગા
સૃજન કર સબકો બઢા દે.....(2)
જ્ઞાન જ્યોતિ મશાલ કો
જ્ઞાન કે ઈસ.......

## ॥ વંદે માતરમ ॥

વંદે માતરમ,વંદે માતરમ
સુજલામ,સુફલામ,મલયજ શીતાલામ
શસ્ય શ્યામલામ માતરમ....વંદે માતરમ.
શંભ્ર જયોત્સના પુલકિત
ફુલ્લ કુસુમિત,દ્રુમદલ શોભિનીમ
સુહાસિનીમ સુમધુર ભાષિણીમ
સુખદામ વરદામ માતરમ....વંદે માતરમ.

## ॥ જનગણમન ॥

જનગણમન અભિનાયક । જય હે । ભારા ભાગ્યવિધાતા
પંજાબ, સિંધુ,ગુજરાત, મરાઠા,દ્રાવિડ,ઉત્કલ બંગ,
વિન્ધ્ય હિમાચલ,યમુના,ગંગા,ઉચ્છલ, જલધિ તરંગ,
તવ શુભ નામે જાગે,તવ શુભઆશિષ માગે,ગાયે તવ જય ગાથા,
જનગણ મંગલ દાયક । જય હે,ભારત ભાગ્યવિધાતા
જય હે । જય હે । જય હે ।
જય જય જય જય હે ।

## પ્રજ્ઞા ગીત

બનીએ પ્રજ્ઞાવાન
આપણે બનીએ પ્રજ્ઞાવાન
પ્રજ્ઞા દ્વારા આપણા સૌનું
વિકસતું રહે જ્ઞાન .....(2)
આપણે બનીએ પ્રજ્ઞાવાન
હળીમળીને શીખીએ સૌએ
અસહાય ના કોઈ ....
સૌ સંગાથે વધીએ આગળ
એ જ ખરું અનુષ્ઠાન ....(2)
આપણે બનીએ પ્રજ્ઞાવાન
સોનું-ચાંદી-રૂપિયા-સત્તા
અઢળક હોય ભલે ને ...
જેની પાસે શિક્ષણ સાચું
એ જ ખરાં ધનવાન ...(2)
આપણે બનીએ પ્રજ્ઞાવાન
જીવન સાર્થક બનતું એનું
ધ્યેય છે જેની પાસે
દ્રઢ નિશ્ચયથી વધતાં આગળ
એ જ ખરાં બળવાન ...(2)
આપણે બનીએ પ્રજ્ઞાવાન

http://PDFSeva.com

## સર્વધર્મ પ્રાર્થના

ૐ તત્ સત્ શ્રી નારાયણ તુ,
પુરુસોતમ ગુરુ તુ.
સિદ્ધ બુદ્ધ તુ, સ્કંદ વિનાયક,
સવિતા પાવક તુ,
બ્રહ્મ મજૂદ તુ, યવહ શકિત તુ,
ઈશુ પિતા પ્રભુ તુ.
રૂદ્ર વિષ્ણુ તુ, રામ કૃષ્ણ તુ ,
રહીમ તાઓ તુ.
વાસુદેવ ગો વિશ્વરૂપ તુ,
ચિદાનંદ હરિ તુ.
અદ્વિતિય તુ, અકાલ નિર્ભય ,
આત્મ લિંગ શિવ તુ.
ૐ તત્ સત્ શ્રી નારાયણ તુ .....
પુરુસોતમ ગુરુ તુ.

## તુમ્હી હો

તુમ્હી હો માતા પિતા તુમ્હી હો
તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો
તુમ્હી હો સાથી તુમ્હી સહારે
કોઈ ન અપના સિવા તમ્હારે
તુમ્હી હો નૈયા તુમ્હી ખવૈયા
તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો
તુમ્હી હો માતા......
જો ખીલ શકે ના વો ફલ હમ હૈ
તુમ્હારે ચરણો કી ધૂલ હમ હૈ
દયા કી દ્રષ્ટિ સદા હી રખના
તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો
તુમ્હી હો માતા.........

## ઈતની શકિત હમેં દેના

ઈતની શકિત હમે દેના દાતા મનકા વિશ્વાસ કમજોર હોના
હમ ચલે નેક રસ્તે પે હમસે ભૂલકરભી કોઈ ભૂલ હો ના
ઈત ની શકિત ............
દુર અજ્ઞાન કે હો અંધેરે , તું હમે જ્ઞાન કી રોશની દે
હર બુરાઈ સે બચતે રહે હમ જિતની ભી દે ભલી જિંદગી દે
બૈર હોના કિસીકા કિસીસે ભાવના મનમે બદલે કી હોના
હમ ચલે નેક રસ્તે પે હમસે ભૂલ કરભી કોઈ ભૂલ હો ના
ઈત ની શકિત ............
હમ ન સોચે હમે કયા મિલા હૈ હમ યે સોચે કિયા કયા હૈ અર્પન
ફુલ ખશીયો કે બાટે સભી કો સબકા જીવન બન જાયે મધુવન
અપની કરુણા કા જલ તુ બહા કે કર દે પાવન હરેક મનકા કોના
હમ ચલે નેક રસ્તે પે હમસે ભૂલ કરભી કોઈ ભૂલ હો ના

## એ માલિક તેરે બંદે

એ માલિક તેરે બંદે હમ ઐસે હો હમારે કરમ
નેકી પર ચલે ઔર બદીસે ટલે,તાકી હસતે હુએ નિકલે હમ.
એ માલિક.....
યે અંધેરા ઘના છા રહા,તેરા ઈન્સાન ઘભરા રહા.
વો રહા બેખબર કુછ ન આતા નજર સુખકા સુરજ છિપા જા રહા.
હૈ તેરી રોશનીમેં જો દમ,તૂ અમાવસકો કરદે પૂનમ.
નેકી પર ચલે ઔર બદીસે ટલે,તાકી હસતે હુએ નિકલે હમ.
એ માલિક.....
જબ જુલ્મો કા હો સામના,તબ તુહી હમે થામના.
વો બુરાઈ કરે હમ ભલાઈ કરે,નહી બદલેકી હો ભાવના.
બઢ ચૂકે પ્યારકા હર કદમ,ઔર મીટે બૈર કા યે ભરમ.
નેકી પર ચલે ઔર બદીસે ટલે,તાકી હસતે હુએ નિકલે હમ.
એ માલિક.....

http://PDFSeva.com

## પ્રભુ નમીએ

પ્રભુ નમીએ પૂરી પ્રીતે,સુખી કરતું સુખી કરજે
સ્તુતિ કરીએ રૂડી રીતે,સુખી કરતું સુખી કરજે
બનાવી તે બધી દુનિયા,બનાવ્યા તે ઉંડા દરિયા
સૂરજને ચંદ્ર ઝગમગિયા,સુખી કરતું સુખી કરજે
વળી આકાશમાં તારા ઘણે ઉંચે જ ફરનારા
બનાવ્યાતે પ્રભુ પ્યારા, સુખી કરતું સુખી કરજે
જગત આખા ઉપર તારી નજર ફરતી રહે ન્યારી
અમારા કામ જોનારા, સુખી કરતું સુખી કરજે
અમારા પાપ બાળી દે વળી બુધ્ધિ તું સારી દે
નમીએ હાથ જોડીને, સુખી કરતું સુખી કરજે
પ્રભુ નમીએ પૂરી પ્રીતે,સુખી કરતું સુખી કરજે
સ્તુતિ કરીએ રૂડી રીતે,સુખી કરતું સુખી કરજે.

*---मनुष्य तू बडा महान है*

धरती की शान तू भारत की सन्तान
तेरी मुठ्ठियों में बन्द तूफ़ान है रे
मनुष्य तू बडा महान है भूल मत
मनुष्य तू बडा महान् है ॥धृ॥
तू जो चाहे पर्वत पहाडों को फोड दे
तू जो चाहे नदीयों के मुख को भी मोड दे
तू जो चाहे माटी से अमृत निचोड दे
तू जो चाहे धरती को अम्बर से जोड दे
अमर तेरे प्राण ---२ मिला तुझको वरदान
तेरी आत्मा में स्वयम् भगवान है रे॥१॥

---मनुष्य तू बडा महान है
नयनो से ज्वाल तेरी गती में भूचाल
तेरी छाती में छुपा महाकाल है
पृथ्वी के लाल तेरा हिमगिरी सा भाल
तेरी भृकुटी में तान्डव का ताल है
निज को तू जान ---२ जरा शक्ती पहचान
तेरी वाणी में युग का आव्हान है रे ॥२॥

----मनुष्य तू बडा महान् है
धरती सा धीर तू है अग्नी सा वीर
तू जो चाहे तो काल को भी थाम ले
पापोंका प्रलय रुके पशुता का शीश झुके
तू जो अगर हिम्मत से काम ले
गुरु सा मतिमान् ---२ पवन सा तू गतिमान
तेरी नभ से भी ऊंची उडान है रे ॥३॥

---मनुष्य तू बडा महान है

## હે.......સુંદર સુંદર

હે.......સુંદર સુંદર.....આ.....આ....
સુરજ સુંદર,આ...આ....ચાંદો સુંદર,આ...આ...
સુંદર સરિતા ને સરોવર...આ...આ....આ...આ...
વિભુ હશે તો કેવા સુંદર,એવું થાતું મુજ મનમાં.
ઉષા સુંદર,આ...આ....નિશા સુંદર,આ...આ....
સુંદર વન,ઉપવન,ગિરિવર....આ...આ....આ...આ....
વિભુ હશે તો કેવા સુંદર,એવું થાતું મુજ મનમાં.
માછલી સુંદર,આ...આ....પંખી સુંદર,આ...આ....
સુંદર ધરતી,શાંત સમીર....આ...આ....આ...આ......
વિભુ હશે તો કેવા સુંદર,એવું થાતું મુજ મનમાં.
કવિતા સુંદર,આ...આ....જીવન સુંદર,આ...આ....
સુંદર તારા,આભ વિશાળ...આ...આ....આ...આ...
વિભુ હશે તો કેવા સુંદર,એવું થાતું મુજ મનમાં.
ભાષા સુંદર,આ...આ....આશા સુંદર,આ...આ....
સુંદર હૈયું ને માનવ.....આ...આ....આ...આ.....
વિભુ હશે તો કેવા સુંદર,એવું થાતું મુજ મનમાં.

## હે પ્રભુ આનંદ દાતા

હે પ્રભુ આનંદ દાતા જ્ઞાન હમકો દિજીએ
શિઘ્ર સારે દુર્ગુણો કો દુર હમસે કિજીએ.
લીજીએ હમકો શરણમે હમ સદાચારી બને,
બ્રહ્મચારી ધર્મરક્ષક વીર વ્રતધારી બને.
પ્રેમસે હમ ગુરુજનો કી નિત્યહી સેવા કરે
સત્ય બોલે જૂઠ ત્યાગે મેલ આપસમે કરે.
નિંદા કિસીકી હમ કિસીસે ભૂલ કરભી ના કરે,
દિવ્યજીવન હો હમારા તેરી યશગાથા કરે.
હે પ્રભુ આનંદ દાતા જ્ઞાન હમકો દિજીએ

## સરસ્વતી વંદના

યા કુન્દેન્દુ તુષાર હાર ધવલા,
યા શુભ વસ્ત્રાવૃતા ॥
યા વીણા વરદણ્ડ મંડિત કરા,
યા શ્વેત પદ્મસના ॥

http://PDFSeva.com

## શુભ મંગલ હો

શુભ મંગલ હો,શુભ મંગલ હો,
શુભ મંગલ મંગલ મંગલ હો.
નભ મંગલ હો,ધરા મંગલ હો,
ધરતી કા કણ કણ મંગલ હો.
ગતિ મંગલ હો ક્ષતિ મંગલ હો,
જીવન કી હર ક્ષણ મંગલ હો,
મતિ મંગલ હો,પ્રિતી મંગલ હો,
માનવકી હર કૃતિ મંગલ હો.

## ઝુલે નંદલાલા

ઝુલે નંદલાલા,ઝુલે નંદલાલા,
કદમ્બની ડાળે ઝુલે નંદલાલા.
બંસરી બજાવે પ્યારી પ્યારી નંદલાલા, કદમ્બની ડાળે ઝૂલે નંદલાલા
વૃંદાવનમાં ગાયો ચરાવે નંદલાલા,કદમ્બની ડાળે ઝૂલે નંદલાલા
ગોપીઓને રાસ રમાડે નંદલાલા,કદમ્બની ડાળે ઝૂલે નંદલાલા
માખણ ચોરી ચોરી ખાયે નંદલાલા,કદમ્બની ડાળે ઝૂલે નંદલાલા

## રાધેશ્યામ કહો

રાધેશ્યામ કહો,સીતારામ કહો,
સીતારામ કહો રાધેશ્યામ કહો,
રાધેશ્યામ વિના સુખ કોણ કરે,
સીતારામ વિના દુ:ખ કોણ હરે.
રાધેશ્યામ વિના ઉદ્ધાર નહીં,
સીતારામ વિના બેડો પાર નહીં.

## બાગમાં ખીલ્યાં છે ફૂલ

બાગમાં ખીલ્યાં છે ફૂલ,ફૂલડાં કોને ચડાવશું ?
શંકરને ચડાવશું ને પાર્વતીને ચડાવશું,
શંકર ગયા છે કૈલાશ,ફૂલડાં કોને ચડાવશું ?
રામને ચડાવશું ને સીતાને ચડાવશું,
રામ ગયા છે વનવાસ ,ફૂલડાં કોને ચડાવશું ?
સૂર્યને ચડાવશું ને ચંદ્રને ચડાવશું,
સૂર્ય ગયા છે આકાશ ફૂલડાં કોને ચડાવશું ?
કૃષ્ણને ચડાવશું ને રાધાને ચડાવશું,
કૃષ્ણ ગયા છે ગોકુળ ફૂલડાં કોને ચડાવશું ?

## મેરે સચ્ચે દિલસે લગન લગી

મેરે સચ્ચે દિલસે લગન લગી
ભગવાન મિલેંગે કભી ન કભી
ચંદામે મિલે સૂરજમેં મિલે,
તારોં મેં મિલેંગે કભી ન કભી.
ફુલોંમેં મિલે કલિયોંમે મિલે,
કાંટો મેં મિલેંગે કભી ન કભી.
મંદિર મેં મિલે મસ્જિદ મેં મિલે,
ગુરુદ્વાર મેં મિલેંગે કભી ન કભી.
ગંગામેં મિલે યમુના મેં મિલે,
સાગર મેં મિલેંગે કભી ન કભી.

## હે....રામ ....હે...રામ...

હે....રામ ....હે...રામ........(૨)
તું અંતર્યામી ,સબકા સ્વામી,
તેરે ચરણો મેં ચારો ધામ, હે...રામ...
તું હી બિગાડે ,તું હી સુધારે,
ઈસ જગ કે સારે કામ, હે...રામ...
તું હી જગદાતા ,વિશ્વવિધાતા,
તું હી તો હૈ રાધા કા શ્યામ, હે...રામ...

## કનૈયા લે કનૈયા લે

કનૈયા લે કનૈયા લે,મધુરી મોરલી તારી.
મધુરી મોરલી તારી,રસીલી બંસરી તારી.
હસેલાને રડાવે છે,રડેલાને હસાવે છે.
સૂતેલાને જગાડે છે,જાગેલાને સુવડાવે છે.
ભૂલેલાંને સ્મરણ તારું,સુપંથે દોરનારું છે.
કનૈયા લે કનૈયા લે,મધુરી મોરલી તારી.

## ગુરુજીનાં નામની હો

ગુરુજીનાં નામની હો,માળા છે ડોકમાં.
નારાયણનાં નામની હો માળા છે ડોકમાં.
જુઠું બોલાય નહિં,ખોટું લેવાય નહિં,
અવળું ચલાય નહિં હો માળા છે ડોકમાં.
ક્રોધ કદી થાય નહિં,પરને નિંદાય નહિં
કોઈને દુભવાય નહિં હો માળા છે ડોકમાં.
પરને પીડાય નહિં,હું પદ ધરાય નહિં,
પાપને પોષાય નહિં હો માળા છે ડોકમાં.
સુખમાં છલકાય નહિં,દુ:ખમાં રડાય નહિં
ભકિત ભુલાય નહિં હો માળા છે ડોકમાં.

http://PDFSeva.com

## તુટ જાયે ના માલા

તુટ જાયે ના માલા કહીં પ્રેમ કી,
વરનાં અનમોલ મોતી બીખર જાયેંગે,
આપ માનો ન માનો ખુશી આપકી,
હમ મુસાફિર હૈ કલ અપને ઘર જાયેંગે,
યે મત પુછો કી હમ કિધર જાયેંગે,

## હર હર શંભુ ભોળા

હર હર શંભું ભોળા,તમારી ધૂન લાગી.
તારી ધૂન લાગી ભોળા,તારી ધૂન લાગી.
પાર્વતીના પ્યારા,તમારી ધૂન લાગી.
હાથમાં ત્રિશૂલ વાળા,તમારી ધૂન લાગી.
ડાક ડમરું વાળા,તમારી ધૂન લાગી.
ગણેશજીનાં પિતા,તમારી ધૂન લાગી.
મોટી જટા વાળા,તમારી ધૂન લાગી.

## તારો છે આશરો

તારો છે આશરો ને તારો આધાર,
કૃષ્ણ કનૈયાને બંસી બજૈયા.
નિર્ધન નરસૈયોને વેવાઈ ધનવાન,
કૃષ્ણ કનૈયાને બંસી બજૈયા.
લાજ જશે મારી તો તું છે ગુનેગાર,
કૃષ્ણ કનૈયાને બંસી બજૈયા.
તારો છે આશરો....

## વંદન કરીએ શ્રી પ્રભુ તમને

વંદન કરીએ શ્રી પ્રભુ તમને
શ્રી પ્રભુ તમને ,શ્રી પ્રભુ તમને. વંદન કરીએ....
પહેલું વંદન માત-પિતાને,
બીજું વંદન ગુરુજી તમને .....વંદન કરીએ....
ત્રીજું વંદન હિંદ માતને,
ચોથું વંદન રાષ્ટ્રપિતાને . વંદન કરીએ....
પાંચમું વંદન પરમેશ્વરને,
આશિષ આપો સૌ શિશુ ગણને. વંદન કરીએ....

## હાં રે શિવ ભોળા

હાં રે શિવ ભોળા સદા શિવ ભોળા,
હાં રે એને ચડે ભભૂતિના ગોળા, સદા શિવ ભોળા
હાં રે શિવ લહેરી સદા શિવ લહેરી,
હાં રે સામે ડુંગર ઉપર છે ડેરી,સદા શિવ લહેરી,હાં રે શિવ...
હાં રે શિવ બંકા લદા શિવ બંકા,
હાં રે એના મંદિરમાં વાગે છે ડંકા,સદા શિવ બંકા,હાં રે....

## ગજાનંદ રે ગણપતિ દેવા

ગજાનંદ રે ઓ ગણપતિ દેવા
ગણપતિ દેવા ને કરું તમારી સેવા, ગજાનંદ રે.......
ગણપતિનું નામ લેતાં સફળ તમારી સેવા,ગજાનંદ રે...
માતા જેના પાર્વતીને પિતા શેકર દેવા,ગજાનંદ રે....

## રઘુપતિ રાઘવ

રઘુપતિ રાઘવ રાજા રામ,પતિત પાવન સીતા રામ.
ઈશ્વર અલ્લહ તેરો નામ,સબકો સન્મતિ દે ભગવાન.
રાત્રે નિદ્રા દિવસે કામ,કયારે ભજશું શ્રી ભગવાન.
હાથ થી કરશું ઘરનાં કામ,મુખથી ભજશું શ્રી ભગવાન.

## સાચી વાણીમાં શ્રી રામ

સાચી વાણીમાં શ્રી રામ,સાચા વર્તનમાં શ્રી રામ.
જન સેવામાં પામીશું પ્યારા રામ રામ રામ.

## હારે માતા દેવી સરસ્વતી

હારે માતા દેવી સરસ્વતી દેવી.
હારે માતા વહેલી સવારના ,(૨) આવ્યા છે તારાં બાળકો.
હારે માતા ફૂલડાંની માળાં (૨) પહેરાવે તારાં બાળકો.
હારે માતા એટલી જ વિનંતી (૨) વિદ્યાના પાઠ અમને આપજો.

## ટુંકું ટચુકડું નામ

ટુંકું ટચુકડું નામ રામ,રામ નામ બોલો,
રામ નામ બોલો,સીતારામ બોલો.
અંતરમાં આપશે આરામ રામ, રામ નામ બોલો.

## શ્રી રામ જય રામ

શ્રી રામ જય રામ જય જય રામ,
અવધ વિહારી વ્હાલો સુંદિર શ્યામ, શ્રી રામ....
રામ કે નામ કી મહિમા ભારી,
અહલ્યા ઉગારી વ્હાલે મીરાંબાઈ તારી. શ્રી રામ....
રામકો વ્હાલી રામ નગરિયાં ,
પ્રભુકો બંદગી ઔર સંત કો પ્રણામ. શ્રી રામ....
શ્રી રામ જય રામ જય જય રામ,

## ૐ નમઃ શિવાય

ૐ નમઃ શિવાય ,ૐ નમઃ શિવાય.
હર હર ભોલે નમઃ શિવાય.
ગંગાધરાય શિવ ગંગાધરાય હર હર ભોલે નમઃ શિવાય.
વિશ્વેશ્વરાય શિવ વિશ્વેશ્વરાય હર હર ભોલે નમઃ શિવાય.
નાગેશ્વરાય શિવ નાગેશ્વરાય હર હર ભોલે નમઃ શિવાય.
જટાધરાય શિવ જટાધરાય હર હર ભોલે નમઃ શિવાય.
ત્રયબંકેશ્વરાય શિવ ત્રયબંકેશ્વરાય હર હર ભોલે નમઃ શિવાય.

http://PDFSeva.com

## કૈલાશમાં ડમરું

કૈલાશમાં ડમરું ડમ ડમ વાગે,
શિવજીના ત્રણ લોક જાગે રે ડમરું ડમ ડમ વાગે.
આકાશમાંથી અપ્સરાઓ આવે,
શિવજીને ફુલડે વધાવે રે ડમરું ડમ ડમ વાગે.
પાતાળમાંથી નાગણીઓ આવે,
શિવજીને મોતીડે વધાવે રે ડમરું ડમ ડમ વાગે.
સમશાનમાંથી ભૂતડાંઓ આવે,
શિવજીની ધૂન મચાવે રે ડમરું ડમ ડમ વાગે.

## રાધે રાધે શ્યામ બોલો

રાધે રાધે શ્યામ બોલો મોહન મુરારી
મોહન મુરારી વાલો લાગે ગિરનારી ....રાધે......
શ્રાવણની કાળી કાળી રાતડી અંધારી,
મથુરાની જેલમાં જનમ્યાં મુરારી..રાધે....
મુરલી કી ધૂનપે જાવું વારી વારી,
વાગી રે વાગી રે મારા મારા કલેજે કટારી....રાધે....
પીયું મારો શ્યામ ને હું રાધા લટકારી,
જનમ જનમની આ પ્રિતડી અમારી....રાધે રાધે........

## આજે સૌને જય શ્રી કૃષ્ણ

આજે સૌને જય શ્રી કૃષ્ણ કાલે વહેલા આવજો,
મન મંદિરના ખૂણે ખૂણેથી કચરો કાઢી લાવજો,
ભકિત તણી આ જીવન જયોતને કાયમ જલતી રાખજો.

## આંખો પવિત્ર રાખ

આંખો પવિત્ર રાખ સાચું તું બોલ,
તારામાં પરમેશ્વર છે કે નહિં શોધ.
સત્ય એજ પરમેશ્વર બાપુનો બોલ.
ઈશ્વર દેખાશે તને પ્રેમડનો કોલ,

## હરિ તારા નામ છે હજાર

હરિ તારા નામ છે હજાર,કયા નામે લખવી કંકોત્રી,
રોજ રોજ બદલે મુકામ,કયા નામે લખવી કંકોત્રી.
કોઈ તને રામ કહે,કોઈ ઘનશ્યામ કહે.
કોઈ કહે નંદનો કિશોર,કયા નામે લખવી કંકોત્રી.
મથુરામાં મોહન તું,ગોકુળમાં ગોવાડીયો.
દ્વારિકામાં રાય રણછોડ કયા નામે લખવી કંકોત્રી.

## અંજનીના જાયા

અંજનીના જાયા બજરંગી બાળા,
તમને બોલાવે નાના બાળ,હનુમાન દર્શન આપોને.
ઉંચે આકાશે તમે સૂર્યરથ વાળ્યો,
લંકા દહન કરનાર,હનુમાન દર્શન આપોને.
છલાંગ મારીને ઠેકયા સમુદ્ર,
સીતાજીની શોધ કરનાર,હનુમાન દર્શન આપોને.
તેલ ચડેને સિંદુર ચડે છે.
ગદા ધારણ કરનાર,હનુમાન દર્શન આપોને.
બાલુડા તારા પાયે પડીને,
વિનવે છે વારંવાર,હનુમાન દર્શનઆપોને.

## મંગલ મુરતિ મારુતનંદન

મંગલ મુરતિ મારુતનંદન,
સકલ અમંગલ મુલ નિકંદન.
પવન તનય સંતન હિતકારી,
હ્રદય બિરાજત અવધ વિહારી.
માતાપિતા ગુરુ ગણપતિ શારદ,
શિવા સમેત શંભુ શુક નારદ.
ચરન કમલ બંદઉ સબ કાઉ,
દેહું રામપદ નંહું નિબાહું.
જય જય જય હનુમાન ગોસાઈ,
કૃપા કરો ગુરુદેવ કી નાઈ.
બંદઉ રામ લયાન વૈદેહી,
યહ તુલસી કે પરમ સનેહી.

## ગોવિંદ બોલો

ગોવિંદ બોલો હરિ ગોપાલ બોલો,
રાધા રમણ હરિ ગોપાલ બોલો.
શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારી,
હે નાથ નારાયણ વાસુદેવાય.

## તાળી પાડીને રામ

તાળી પાડીને રામ નામ બોલજો રે,
તમે અંતરના પડદા ખોલજો રે,તાળી...
તાળી પાડતાં જે શરમાય છે રે,
તેનો વાસ નરકમાં થાય છે રે. તાળી....
તાળી પાળતાં જે હરખાય છે રે,
તેનો વાસ વૈકુંઠમાં થાય છે રે, તાળી...

http://PDFSeva.com

## રામ નામ બોલો

રામ નામ બોલો આળસ કેમ થાય છે ,
કમળ ઉપર ભમરો બેઠો કમળનો આધાર છે,
કમળ બિડાય જાતા ભમરાંના પ્રાણ જાય છે.રામ નામ..
અયોધ્યામાં દીવા બળે રામ વનમાં જાય છે,
રામ વનમાં જાતાં દશરથનાં પ્રાણ જાય છે.રામ નામ..
મૂળ વિનાનું ઝાડ છે ને પવન વેગે જાય છે,
પવન થોભી જાતા ઝાડવાના પ્રાણ જાય છે.રામ નામ..

## ક્રિષ્ના કાના

ક્રિષ્ના કાના મુકુંદ મનોહરા,
ગિરિવર શ્રીધર,
નટવર મુરલીધર,
ક્રિષ્ના કાના મુકુંદ મનોહરા,

## નમો ગણપતિદેવ

નમો ગણપતિદેવ નમો હનુમંતા,
બંને દેવોમાં કોણ બળવંતા.
ગણપતિ કહે મારે પારવતિમાતા,
હનુમાનજી કહે હું તો અંજનીનો જાયો.
ગણપતિ કહે મારે રિદ્ધિ-સિદ્ધિ નારી,
હનુમાનજી કહે હું તો બાલબ્રહ્મચારી.
ગણપતિ કહે મારે ભોજનમાં લાડુ,
હનુમાનજી કહે મારે તેલનું રે ગાડું.

## દયાળુ પ્રભુ રામ

રામ રામ રામ દયાળુ પ્રભુ રામ,
જેવું સીતાજી ઉપર સ્નેહ એવું સ્નેહ માગું રામ,
રામ રામ રામ દયાળુ પ્રભુ રામ,
જેવું લક્ષ્મણજી ઉપર લક્ષ્ય એવું લક્ષ્ય માગું રામ,
રામ રામ રામ દયાળુ પ્રભુ રામ,
જેવું હનુમાનજી ઉપર હેત એવું હેત માગું રામ,
રામ રામ રામ દયાળુ પ્રભુ રામ,

## ભજીલે પ્રભુ નામ

ભજીલે ભજીલે ભજીલે પ્રભુ નામ,
ઓ માયાના માનવી ભજીલે હરિનામ.
ફૂલવાડીનો માડી આવી ફૂલડાં વીણી જાય ,ઓ માયાના...
જળ વિનાની વાદળી ગગનમાં ઝોલાં ખાય ,ઓ માયાના...
કોણ જાણે કયારે આવી કયારે વરસી જાય,ઓ માયાના...

## ભગવાન તુમ્હારે મંદિરમે

ભગવાન તુમ્હારે મંદિરમેં એક નયા પુજારી આયા હૈ,
હાથોમેં ફૂલકી માલા હૈ,વો તુમ્હે ચઢાને આયા હૈ,
ભગવાન તુમ્હારે મંદિરમેં એક દરિદ્ર ભિખારી આયા હૈ,
હાથોંમે જલકા લોટા હૈ,વો તુમ્હે ચઢાને આયા હૈ.

## ગુલાબના ગોટા જેવા શ્યામ

ગુલાબના ગોટા જેવા શ્યામ, ઘનશ્યામ દર્શન દયો.
જવો ગુલાબનો ગોટો,એવો ઘનશ્યામજીનો ફોટો,
ફોટામાં હાજર રહો શ્યામ,ઘનશ્યામ દર્શન દયો.
જેવો ચોમાસાનો વરસાદ,તેવો ઘનશ્યામજીનો પરસાદ,
પરસાદમાં હાજર રહો શ્યામ,ઘનશ્યામ દર્શન દયો.
જેવી શિયાળાની ઠંડી,તેવી ઘનશ્યામજીની કંઠી,
કંઠીમાં હાજર રહો શ્યામ,ઘનશ્યામ દર્શન દયો.
જેવો ઉનાળનનો તડકો,તેવો ઘનશ્યામજીનો પરચો,
પરચામાં હાજર રહો શ્યામ,ઘનશ્યામ દર્શન દયો.

## ધૂપ કરું અગરબતી

ધૂપ કરું અગરબતી મંદિરિયામાં પ્રથમ બિરાજે ગણપતિ.
નંદિ ઉપર શિવજી બિરાજે,
સાથે બિરાજે પાર્વતી ,મંદિરિયામાં પ્રથમ બિરાજે ગણપતિ.
ગરૂડ પર શ્રી વિષ્ણુ બિરાજે,
સાથે બિરાજે લક્ષ્મીજી,મંદિરિયામાં પ્રથમ બિરાજે ગણપતિ.
બાજોટ પર શ્રી રામ બિરાજે,
સાથે બિરાજે સીતા સતી,મંદિરિયામાં પ્રથમ બિરાજે ગણપતિ.
ઉંદર પર ગણપતિ બિરાજે,
સાથે બિરાજે રિદ્ધિ-સિદ્ધિ,મંદિરિયામાં પ્રથમ બિરાજે ગણપતિ.

http://PDFSeva.com

## ગોવિંદ ગોવિંદ બોલો

ગોવિંદ ગોવિંદ બોલો ને ધૂન મચાવો,
માતા જેના પાર્વતીને પીતા શંકર દેવ છે,
એવા મારા ગણપતિની ધૂન મચાવો.
માતા જેના દેવકીને પીતા વાસુદેવ છે,
એવા મારા શ્રીકૃષ્ણની ધૂન મચાવો.
માતા જેના અંજનીને પીતા પવનદેવ છે,
એવા મારા હનુમાનજીની ધૂન મચાવો.

## પ્રભુ આગળ જુઓતો કોઈ આવે

પ્રભુ આગળ જુઓતો કોઈ આવે,
પાછળ કોઈ આવે કમળના ફૂલ વીણવા.
પ્રભુ આગળ જુઓ તો રામ આવે,
પાછળ સીતા આવે કમળના ફૂલ વીણવા.
પ્રભુ આગળ જુઓ તો શંકર આવે,
પાછળ પાર્વતી આવે કમળના ફૂલ વીણવા.
પ્રભુ આગળ જુઓ તો કૃષ્ણ આવે,
પાછળ રાધા આવે કમળના ફૂલ વીણવા.
પ્રભુ આગળ જુઓતો કોઈ આવે,
પાછળ કોઈ આવે કમળના ફૂલ વીણવા.

## કભી રામ બનકે

કભી રામ બનકે કભી શ્યામ બનકે
ચલે આના પ્રભુજી ચલે આના
તુમ રામ રૂપમેં આના,
ધનુષ હાથ લે કે સીતા સાથ લે કે
ચલે આના પ્રભુજી ચલે આના
તુમ શ્યામ રૂપમેં આના
બંસી હાથ લે કે રાધા સાથ લે કે
ચલે આના પ્રભુજી ચલે આના
તુમ શિવ રૂપમેં આના
ત્રિશુલ હાથ લે કે ઉમિયા સાથ લે કે
ચલે આના પ્રભુજી ચલે આના
કભી રામ બનકે કભી શ્યામ બનકે
ચલે આના પ્રભુજી ચલે આના

## હૈયાનો કઠોર કાન

હૈયાનો કઠોર કાન મને ના બોલાવે,
મને ના બોલાવે મારે મંદિરીયે ન આવે. હૈયાનો....
ગાયો દોહવા જાઉં ત્યાં પાછળ પાછળ આવે,
પાછળ પાછળ આવે મારા દૂધળીયા ઢોળાવે. હૈયાનો...
પાણી ભરવા જાઉં ત્યાં પાછળ પાછળ આવે,
પાછળ પાછળ આવે મારા પાણીળાં ઢોળાવે. હૈયાનો...
પુજા કરવા જાઉં ત્યાં પાછળ પાછળ આવે,
પાછળ પાછળ આવે મારી પુજા ભંગ કરાવે. હૈયાનો...

## રામ રથ ચાલે

રામ રથ ચાલે લક્ષ્મણજી તાળી પાડે
ચાલો ચાલો સંસારિયાની ધુનમાં
રામ તમે આવો સીતાને સાથ લાવો
ચાલો ચાલો સંસારિયાની ધુનમાં
કૃષ્ણ રથ ચાલે બલરામજી તાળી પાડે
ચાલો ચાલો સંસારિયાની ધુનમાં
કૃષ્ણ તમે આવો રાધાને સાથે લાવો
ચાલો ચાલો સંસારિયાની ધુનમાં
ગણેશ રથ ચાલે કાર્તિકેય તાળી પાડે
ચાલો ચાલો સંસારિયાની ધુનમાં
ગણેશ તમે આવો રિદ્ધિ-સિદ્ધિ સાથે લાવો
ચાલો ચાલો સંસારિયાની ધુનમાં

## કયાં વસે તુલસી

કયાં વસે તુલસીને કયાં વસે રામ
કયાંરે વસે મારો શ્રીભગવાન
આંગણે વસે તુલસી મંદિરમાં વસે રામ
ગોકુળમાં વસે મારો શ્રીભગવાન
શું પહેરે તુલસીને શું પહેરે રામ
શું રે પહેરે મારો શ્રીભગવાન
માળા પહેરે તુલસીને વાઘા પહેરે રામ
પિતાંબર પહેરે મારો શ્રીભગવાન
શું જમે તુલસીને શું જમે રામ
શું રે જમે મારો શ્રીભગવાન
દુધ જમે તુલસીને દહીં જમે રામ
માખણ જમે મારો શ્રીભગવાન
કયાં વસે તુલસીને કયાં વસે રામ
કયાંરે વસે મારો શ્રીભગવાન

http://PDFSeva.com

## જય હનુમાન

જય હનુમાન જય હનુમાન
તમે રામજીના કામ કીધા જય હનુમાન
જય હનુમાન જય હનુમાન
તમે સીતાજીની શોધ કિધી જય હનુમાન
જય હનુમાન જય હનુમાન
તમે લંકાપુરી બાળી નાખી જય હનુમાન
બટુક બળિયો છે બ્રહ્મચારિયો,
તેને તેલ ચડે તેને સિંદૂર ચડે
તેને આકડા કેરી માળા ચડે,
જય હનુમાન જય હનુમાન
તમે રામજીના કામ કીધા જય હનુમાન

## નાની મોટી સત્સંગ શાળા

નાની મોટી સત્સંગ શાળા રે કોઈ ભણવાને આવજો.
ઈશ્વરના નામનો એકડો ઘુંટાય છે.
બગડે બળભદ્ર વિરા રે કોઈ ભણવાને આવજો.
તીલકના નામનો તગડો ઘુંટાય છે.
ચોગડે ચતુર્ભુજ વાળા રે કોઈ ભણવાને આવજો.
પરમેશ્વરના નામનો પાંચડો ઘુંટાય છે.
છગડે શ્રીનાથજી વાળા રે કોઈ ભણવાને આવજો.
સીતારામના નામનો સાતડો ઘુંટાય છે.
આઠડે અયોધ્યા વાળા રે કોઈ ભણવાને આવજો.
નારાયણના નામનો નવડો ઘુંટાય છે.
દશમેં દ્વરકા વાળા રે કોઈ ભણવાને આવજો.
નાની મોટી સત્સંગ શાળા રે કોઈ ભણવાને આવજો.

http://PDFSeva.com

# ભજન

રાધા ઢૂંઢ રહી કિસીને મેરા શ્યામ દેખા
શ્યામ દેખા ઘનશ્યામ દેખા
રાધા ઢૂંઢ રહી કિસીને મેરા શ્યામ દેખા
રાધા તેરા શ્યામ મેં ને મથુરા મેં દેખા
બંસી બજાતે હુએ કિ
રાધા તેરા શ્યામ દેખા
રાધા તેરા શ્યામ મેં ને ગોકુલ મેં દેખા
ગૈયા ચરાતે હુએ કિ
રાધા તેરા શ્યામ દેખા
રાધા તેરા શ્યામ મેં ને વૃદાવન મેં દેખા
રાસ રચાતે હુએ કિ
રાધા તેરા શ્યામ દેખા
રાધા તેરા શ્યામ મેં ને દ્વારિકા મેં દેખા
સુદામાજી કે પાસ
રાધા તેરા શ્યામ દેખા
રાધા ઢૂંઢ રહી કિસીને મેરા શ્યામ દેખા

શંકર તારું નામ , કૈલાસ તારું ધામ
ગણપતિના પિતા તમે પાર્વતીના નાથ
શંકર તારી જટામાંથી ગંગામૈયા વહે,
નાગની તું માળા પહેરીને ધ્યાન હંમેશા ધરે
જગના સર્જનહાર, વિશ્વ કલાકાર
તારી હું પુજા કરું છું પાર્વતીના નાથ
દિલનો તું ભાળો બનીને દુઃખડા સૌના હરે
રાતનેદિવસ લોકો તારું ધ્યાન હંમેશા ધરે
જગના સર્જનહાર, સૃષ્ટિ તારણહાર
તારી હું પુજા કરું છું પાર્વતીના નાથ

તમે ભાવે ભજી લ્યો ભગવાન,
જીવન થોડું રહયું..........
કંઈક આત્માનું કરજો કલ્યાણ,
જીવન થોડું રહયું..........

કભી રામ બનકે કભી શ્યામ બનકે
ચલે આના પ્રભુજી ચલે આના
તુમ રામ રૂપમેં આના
ધનુષ હાથ લે કે સીતા સાથ લે કે
ચલે આના પ્રભુજી ચલે આના
કભી રામ બનકે કભી શ્યામ બનકે
ચલે આના પ્રભુજી ચલે આના
તુમ શ્યામ રૂપમેં આના
બંસી હાથ લે કે રાધા સાથ લે કે
ચલે આના પ્રભુજી ચલે આના
કભી રામ બનકે કભી શ્યામ બનકે
ચલે આના પ્રભુજી ચલે આના
તુમ બ્રહ્મ સ્વરૂપમેં આના
કમલ હાથ લે કે શારદા સાથ લે કે
ચલે આના પ્રભુજી ચલે આના
કભી રામ બનકે કભી શ્યામ બનકે
ચલે આના પ્રભુજી ચલે આના

મીરાં હો ગઈ રે મીરાં હો ગઈ રે દિવાની મીરાં હો ગઈ રે
શ્યામના મંદિરે મીરાં ઢોલકી બજાવે
ઢોલકીના નાદે મીરાં શ્યામને રીઝાવે
નાચે થૈ થૈ રે નાચે થૈ થૈ રે
નાચે થૈ થૈ દિવાની મીરાં હો ગઈ રે
મીરાં હો ગઈ રે મીરાં હો ગઈ રે દિવાની મીરાં હો ગઈ રે

હરિ તારા નામ છે હજાર
કયા નામે લખવી કંકોત્રી
રોજ રોજ બદલે મુકામ
કયા નામે લખવી કંકોત્રી
કોઈ તને રામ કહે,
કોઈ તને શ્યામ કહે
કોઈ કહે નંદનો કિશોર

http://PDFSeva.com

તમે દીધેલો કોડ કેમ ભૂલી ગયો,
જૂઠી માયાના મોહમાં શું ઘેલા થયા
ચેતો ચેતો શું ભૂલ્યા છો ભાન,
જીવન થોડું રહયું.........
બાળપણ ને યુવાનીમાં અડધું ગયું
નથી ભકિતના માર્ગમાં ડગલું ભર્યું
બનો આજથી પ્રભુમાં મસ્તાન,
જીવન થોડું રહયું.........
પછી ઘડપણમાં ગોવિંદ ભજાશેનહિ,
લોભ વૈભવને ધન ત્યજાશે નહિ
બનો આજથી પ્રભુમાં મસ્તાન ,
જીવન થોડું રહયું..........
તમે ભાવે ભજી લ્યો ભગવાન,
જીવન થોડું રહયું..............

ડુંગરિયે મંદિર તારું હનુમાનજી
ડુંગરિયે મંદિર તારું રે લોલ
દરવાજે નોબત વાગે હનુમાનજી
દરવાજે નોબત વાગે રે લોલ
ધોળી ધજાઓ ફરકે હનુમાનજી
ધોળી ધજાઓ ફરકે રે લોલ
મંદિર વછવાડે ફૂલવાડી હનુમાનજી
મંદિર વછવાડે ફૂલવાડી રે લોલ
ફૂલડા ચડે દિન દહાડે હનુમાનજી
ફૂલડાં ચડે દિન દહાડે રે લોલ
દર્શન કરે નરનારી હનુમાનજી
દર્શન કરે નરનારી રે લોલ

*જુનુ તો થયું રે દેવળ*

જુનુ તો થયું રે દેવળ જુનુ તો થયું
મારો હસંલો નાનો ને દેવળ જુનુ તો થયું
આ રે કાયા રે હંસલા ડોલવા ને લાગી
પડી ગયા દાંત માયલી રેબુ તો રહયું....
મારો હંસલો............
તારે ને મારે હંસલા પ્રિત્યુ બંધાણી વાલા..
ઉડી ગયા હંસા પિંજર પડી રહયું
મારો હંસલો............
બાઈ મીરા કહે પ્રભુ ગિરિધરના ગુણવાલા
પ્રેમ નો પ્યાલો તમને પાઉ ને પીઉં....
મારો હંસલો............

કયા નામે લખવી કંકોત્રી
મથુરામાં મોહન તું,
ગોકુળમાં ગોવાળિયો
દ્રારકામાં રાય રણછોડ
કયા નામે લખવી કંકોત્રી
નરસિંહ મહેતાનો સ્વામી શામળિયો
મીરાંનો ગરધર ગોપાલ
કયા નામે લખવી કંકોત્રી

એવી છે કુદરતની કળા,
અણધાર્યુ તે આગળ થાય
રાજા દશરથ એના મનમાં વિચારે,
રામને સવારે ગાદીએ બેસાડું
વહેલી સવારે રામ વનવાસ જાય,
અણધાર્યુ તે આગળ થાય.
રાજા રાવણ છે અતિ મહાબળિયો,
સીતા માતાનું હરણ કરી ગયો
સોનેરી લંકામાં લાગી છે આગ,
અણધાર્યુ તે આગળ થાય.
અભિમન્યુ એના મનમાં વિચારે
સાત કોઠા મારે જીતી રે લેવા છે.
સાતમે કોઠે વ્હાલો રણમાં રોળાય,
અણધાર્યુ તે આગળ થાય.

*આટલો સંદેશો*

આટલો સંદેશો મારા ગુરૂજીને કહેજો
સેવકના હૃદયમાં રહેજો રે...આટલો સંદેશો...
આટલો સંદેશો...
કાયાના દેવળ લાગે છે કાચાં,
તેની રે ભલામણ એને દેજો રે,
આટલો સંદેશો...
કાયા પડશેને હંસલો કયાં જઈ સમાશે,
તે ઘર બદલાવી અમને દેજો રે ,
આટલો સંદેશો...
તમે છો અમારા ને અમે છીયે તમારા,
જનમો જનમની ભકિત દેજો રે...
આટલો સંદેશો...
બે કર જોડી દાસ અંબારામ કહે છે,
મુકિતના મારગ અમને દેજો રે.. આટલો સંદેશો......

http://PDFSeva.com

## *તારી એક એક પળ જાય લાખની*

તારી એક એક પળ જાય લાખની
તું તો માળા રે જપી લે મારા રામની
ખાલી આવ્યા ખાલી જાશુ
સાથે શું લાવ્યા લઈ જાશુ
જીવન ધન્ય રે બનાવો ભકિત ભાવથી
તું તો માળા રે જપી લે ....
જૂઠા જગના જૂઠા ખેલ મનમાં મારુ તારુ મેલ
તું તો ચિંતા રે છોડી દે આખા ગામની
તું તો માળા રે જપી લે ........
હૈયે લાગી તાલાવેલી આંખે આંસુડા ની રેલી
ભકતો ચેતી ને ચાલજો આ સંસાર થી
તું તો માળા રે જપી લે ........
વ્હાલો ગુરૂજી મહારાજ મારા ચિતડા નો ચોર
મે તો મૂર્તિ જોઈ છે ગુરૂ મહારાજની
તું તો માળા રે જપી લે ........
ભકિત ખોડા કેરી ધાર તેથી ઉતરવુ ભવ પાર
જેને લાગી છે લગન મારા શ્યામમા
તે તો સુખેથી જાય છે વૈકુંઠ માં

## *કસુંબીનો રંગ*

જનનીના હૈયામાં પોંઢતા પોઢંતા
પીધો કસુંબીનો રંગ
હો રાજ મને લાગ્યા .............
બહેનીનાં કંઠે નીતરતા હાલરડા માં
ઘોડયો કસુંબીનો રંગ
ધોળા ધાવણ કેરી ધારા એ ધારા એ
પામ્યો કસુંબીનો રંગ
હો રાજ મને લાગ્યા .............
દુનિયાના વીરોનાં લોહિયા બલિદાનો માં
ભભૂકયો કસુંબીનો રંગ
એવા સાગર ની પારે સ્વાધીનતાની કબરોમાં
મહેકયો કસુંબીનો રંગ
હો રાજ મને લાગ્યા ..............
એવા વ્હાલા દિલદારની પગની મેંદી પરથી
ચૂમ્યો કસુંબીનો રંગ
હો રાજ મને લાગ્યા .............

માછલી વિયાણી દરિયા ની બેટ
શ્રવણ રહયો એની માને પેટ
અડી કડી ને નવઘણ કુવો
ત્યાં શ્રવણનો જનમ હુવો
કાળી પછેડીને ભમરીયાળી ભાત
શ્રવણ જનમ્યો માજમરાત
સાત વરસનો શ્રવણ થયો
લઈ પાટી ને ભણવા ગયો
ભણી ગણીને હોશીયાર થયો
સુગરી નાર ને પરણી ગયો
સુગરી નાર મારા વચન સુનો
મારા આધળા મા – બાપ ની સેવા કરો
તારા આધળા મા – બાપ ને કુવા માં નાખ
મને તો મારે પિયરીયે વળાવ
આગળ શ્રવણ ને પાછળ છે નાર
શ્રવણ ચાલ્યો સસરા ને દ્રાર
સસરાજી મારા વચન સુણો
તમારી દિકરીને ઘરમાં પુરો
થોભ્ભો જમાઈરાજ જમતા રે જાવ
દિકરી ના અવગુણ ગાતા રે જાવ
એરે અભાગણી નું મો કોણ જુવે
મારા આધળા મા – બાપ ને નાખે કુવે
ત્યાથી શ્રવણ હાલતો થયો
સુથારી ભાઈને મળતો ગયો
ભાઈ રે સેથારી મારા વચન સુણો
મારા આધળા મા – બાપ ની કાવડ ઘડો
કાવડ ઘડજો ઘાટ સો ઘાટ
કાવડ માં બેસે મારા માને બાપ
ત્યાંથી શ્રવણ હાલતો થયો
કુંભારી ભાઈ ને મળતો ગયો
ભાઈ રે કુંભારી મારા વચન સુણો
મારા આંધળ મા – બાપનો ઘડુલો કરો
ઘડુલો બનાવો ઘાટ સો ઘાટ
પાણીલા પીવે મારા માને બાપ
ખંભે કાવડ ને હાથમાં છે નીર
શ્રવણ હાલ્યો સરયુના તીર
ભર્યા લોટાને ખખડયા તીર
શ્રવણ વિંધાણો પેલે તીર
આલો બેની બા પાણીડા પીવો
તમારો શ્રવણ સ્વર્ગે ગયો
મારો શ્રવણ નથી સ્વર્ગે ગયો

http://PDFSeva.com

## પીંજરે કે પંછી રે

પીંજરે કે પંછી રે તેરા દર્દ ના જાને કોઈ.....(૨)
બાહરસે ખામોસહૈ તુ ભીતર ભીતર રોય રે
કહેના શકે તુ અપની કહાની
તેરી ભી પંછી કયા જીંદગાની
વીધી ને તેરી કથા લીખી હે
આસુ સે તેરી કલમ ભિગોઈ
તેરા દર્દ ન જાને.............
ચૂપકે ચૂપકે રોને વાલે
રખના છુપાકે દિલ કે છાલે
યે પથ્થરકા દેશ હે પગલે
કોઈ ના તેરા હોઈ રે
તેરા દર્દ ન જાને.............

## અગડબમ અગડબમ

નાચે ગણેશા ને નાચે હનુમાન..........(૨)
પાર્વતી પ્રાણનાથ ભોળા ભગવાન
અગડબમ , અગડબમ , ડાક..........
ભાંગ વાવી ભોળાનાથે નીંદે છે ગણેશ......(૨)
પાર્વતીજી પાણી વારે છુટા મેલી કેશ ,
અગડબમ , અગડબમ , ડાક..........
ભાંગ કેરા ભજીયા ને ધતુરાનુ શાક ........(૨)
પીરસે મૈયા પાર્વતીને જમે ભોળાનાથ
અગડબમ , અગડબમ , ડાક..........
હાથ લીધી ભભૂતીને ચોળે છે અંગ
દેખો મૈયા પાર્વતીજી કેશો ભૈયો રંગ
અગડબમ , અગડબમ , ડાક..........
નાગ કેરા બાજુબંધ નાગ કેરા હાર
નાગણ શૃંગારથી સુહાવે ભોળાનાથ ......
અગડબમ , અગડબમ , ડાક..........

## વીરપુર જાવું

વીરપુર જાવું કે સતાધાર જાવું
હાલ તને હાલ મારો રામ બતાવું
જલારામ વસે છે વીરપુરમા
ગંગા–યમુના વહે છે ભરપુરમા
જેનો આવે નહી પાર,એવા અન્નના ભંડાર
ઝાંખો ઘોડો બતાવું
અયોધ્યામા જાવું કે નાસિકમાં જાવું
હાલ તને હાલ મારો રામ બતાવું
આપો ગીગો વસે છે સતાધારમાં
હરે ભકતોના દુ:ખ પડવારમાં
હે તેના દર્શન કરી,જાજે ભવતું તરી,
મારા શ્રવણ નો વસવસો રીયો
દશરથ તારે દિકરા ચાર
અંત સમય નહિ એકે પાસ

## એકબાર શ્રી ભોલેભંડારી

એક બાર શ્રી ભોલે ભંડારી બનકર બ્રીજ કી નારી
ગોકુલ મે આ ગયે................(૨)
પાર્વતી ને મના કિયા પર ન માને ત્રિપુરારી....
ગોકુલ મે આ ગયે................(૨)
ઓ મેરે ભોલે સ્વામી કેસે લે જાઉ તુમ્હે રાસ મેં..
મોહન કે સિવા કોઈ જાને ન પાયે ઈસ રાસ મેં..
હાંસી કરેગી બ્રીજ કી નારી માનો બાત હમારી...
ગોકુલ મે આ ગયે................(૨)
ઐસા સજાદે મુજકો કોઈ ન જાને ઈસ રાઝ કો...
સહેલી હે યે મેરી બતા દેના તું બ્રીજ રાજ કો....
લગાકે ગજરા બાંધ કે સાડી ચાલ ચલે મતવાલી
ગોકુલ મે આ ગયે................(૨)
પાર્વતી સે બોલે ભોલે મૈ ભી ચલુંગા તેરે સંગ મેં
રાધા સંગ મોહન નાચે મૈ ભી નાચુંગા તેરે સંગ મેં
રાસ રચેંગે બ્રીજ મેં ભારી હમે દિખા દો પ્યારી
ગોકુલ મે આ ગયે................(૨)
ઐસી બજાયી બંસી સુધ–બુધ ભુલે ભોલેનાથ રે
આ ગયે હૈ શંભુ સમજ ગયે સબ નર–નાર રે
નિકલ ગઈ જબ સર સે સાડી મુશ્કરાયે બનવાર
ગોકુલ મે આ ગયે................(૨)

## કાનજી તારી માં કે શે

કાનજી તારી માં કે શે
પણ અમે કાનુંડો કે શું રે
એટલુ કેતા નહી માને તો
ગોકુળ છોડી દે શુ રે કાનજી તારી......
માખણ ખાતા ન આવડે  કાનજી............
મુખ થયુ તારુ એઠુ રે
ગોપીઓથી તારુ ઘર ઘેરાણુ
જઈ ખૂણામાં પેઠુ રે
ઝુલણી પેરતા ન આવડે કાનજી.........
અમે તને પેરાવતા રે
ભરવાડોની ગાળો ખાતો તો
ત્યારે અમે છોડાવતા રે કાનજી........
કાલો ઘેલો તારા માત – પિતાનો
અમને શાના કોડે રે
કર્મ સજોગો આવી ભરાણા
આગંણા જોડા જાડ રે કાનજી.........

http://PDFSeva.com

અખંડ ઝયોતિ બતાવું
મથુરામાં જાવું કે ગોકુળમાં જાવું
હાલ તને હાલ મારો રામ બતાવું
રામેશ્વર જાવું કે બાલાજી જાવું,
હાલ તને હાલ મારો રામ બતાવું

## આટલો સંદેશો

આટલો સંદેશો મારા ગુરૂજીને કહેજો
સેવકના હૃદયમાં રહેજો રે...આટલો સંદેશો...
આટલો સંદેશો...
કાયાના દેવળ લાગે છે કાચાં,
તેની રે ભલામણ એને દેજો રે,
આટલો સંદેશો...
કાયા પડશેને હંસલો કયાં જઈ સમાશે,
તે ઘર બદલાવી અમને દેજો રે ,
આટલો સંદેશો...
તમે છો અમારા ને અમે છીયે તમારા,
જનમો જનમની ભકિત દેજો રે...
આટલો સંદેશો...
બે કર જોડી દાસ અંબારામ કહે છે,
મુકિતના મારગ અમને દેજો રે.. આટલો સંદેશો......

## શિવ લહેરી

જિતના જિસકે ભાગ્યમે લિખા વો ઉતના હી પાતા હૈ,
શિવ લહેરી મેરે ભોલે કે દરબારમેં સબકા ખાતા હૈ.
ચાહે ગરીબ હો ચાહે અમીર હોઉનકો એક સમાન,
સબકી બિગડી વહી બનાયે(૨)હમ સબકે ભગવાન શિવ ..
રાજા હો યા રંક સભી હૈ ઉનકે ચોકીદાર
દેવો મેં વો મહાદેવ હૈ(૨)ભૂતો કે સરદાર શિવ લહેરી...
એ તો સમજ લે માનવ તું હૈ દો દિનકા મહેમાન
કિતને આકર ચલે ગયે હૈ(૨)કોઈ જાને તૈયાર. શિવ લહેરી.
બડે બડે મંદિર બનવાકે નામકી તકતી લગાતે હૈ,
દરવાજે પે તાલા બંધ હૈ(૨)પૂજારી હેરાન. શિવ લહેરી...
ભગવે મેં ભગવાન છુપા હૈ માનવ તું પહેચાન,
નકલી રંગસે કપડા રંગાવે(૨)સાધુ નહિં સૈતાન.શિવ લહેરી.
ગીરી કહે તું ગિરકે સંભલજા યે જગ હૈ નાદાન,
તેરા બનાયા તુજે બનાયે(૨)માનવ નહિં હૈવાન.શિવ લહેરી.

ઘુંટણીયા ભેર હાલતો ચાલતો
બોલતો કાલુ ઘેલુ રે
ભલે મળ્યા મહેતા નરસિંહ ના
સ્વામી પ્રેમ ભકિત રૂડુ રે
કાનજી તારી માં કે શે..............

## ઓધવજી કાનાને મનાવો

કાનાને મનાવો કોઈ મથુરામાં જાઓ,
ઓધવજી કાનાને મનાવો
વાયદો આપીને વાલમ વિસરી ગયા છો,
પ્રિત રે પુરવની કાના ભુલી રે ગયા છો.
કુબજાના રૂપમાં મોહી ગયો માવો,ઓધવજી......
નિંદ ન આવે કાના ભોજન નભાવે,
શ્યામના સંભારણાં પળ પળ સતાવે.
કયા રે કારણ કાના મુખના દિપાવે . ઓધવજી....
તમ રે વિનાનું સુનું વૃંદાવન લાગે,
ગોકુળની ગલિયોમાં ભણકારા વાગે.
ચિતડું અમારું ઝંખે શ્યામને મિલાવો . ઓધવજી....
દિલનો સંદેશો દેજો,દુઃખડાં ન કહેજો,
આટલી અરજ મારા માધવને કહેજો.
પાર્શદના નાથ દિલમાં દયા દર્શાવો. ઓધવજી.....

# બાળ અભિનય ગીતો

**[1]** આવડા અમથા વાંદરાભાઈને
સિનેમાનો શોખ (૨)
ધોતી પહેરી ઝભ્ભો પહેર્યો (૨)
ટોપી મૂકી આમ, ટોપી મૂકી આમ
આવડા અમથા...
લાકડી લીધી ચશ્મા પહેર્યા (૨)
ચાલી નીકળ્યા આમ,ચાલી નીકળ્યા આમ
આવડા અમથા...
પહેલા નંબરની ટિકિટ કપાવી (૨)
જોવા બેઠા આમ, જોવા બેઠા આમ
આવડા અમથા...
સિનેમામાં તો ધડાકો થયો (૨)
ગભરાઈ ગયા આમ, ગભરાઈ ગયા આમ
આવડા અમથા...
ચંપલ ફેંક્યા, ચશ્મા ફેંક્યા (૨)
ટોપી ફેંકીઆમ, ટોપી ફેંકી આમ
આવડા અમથા...

**[2]** અંતર મંતર જંતર, હું જાણું છું એક મંતર
તને ચકલી બનાવી દઉં, તને ચકલી બનાવી દઉં
જુઓ આ ટોપલી છે ખાલી (૨)
તેમાં પરી આવે મતવાલી (૨)
મારી ટોપલીમાં જાદુ, તેમાં પરીને બેસાડું
તેનું સસલું બનાવી દઉં, તેનું સસલું બનાવી દઉં
અંતર મંતર જંતર
જુઓ આ ગંજીફાની રમત (૨)
રમતમાં છે મોટી ગમ્મત (૨)
પહેલા રાજા આવે છે, પછી રાણી આવે છે
તેને ગુલામ બનાવી દઉં, તેને ગુલામ બનાવી દઉં
અંતર મંતર જંતરજુઓ આ નાનો છે ઢિંગ્ગુ (૨)
તેનું નામ પાડ્યું છે મેં તો પિંગ્ગુ
પિંગ્ગુ ખૂબ દોડે છે, ઊંચા પહાડ કૂદે છે
એનું લીંબુ બનાવી દઉં, એનું લીંબુ બનાવી દઉં
અંતર મંતર જંતર

**[3]** રંગીલા રંગીલા રંગીલા પતંગિયા
હા હા હા હો હો હો હા હા હા પતંગિયા
બાળકો બાગમાં રમવાને આવતા
દોડાવી દોડાવી થકવી એ નાખતા
મન મારું મોહી લેતા રે પતંગિયા
રંગીલા રંગીલા રંગીલા
ફૂલડે ફૂલડે આમતેમ દોડતા
આકાશે ઉડતાને હાથમાં ન આવતા
મન મારું મોહી લેતા રે પતંગિયા
રંગીલા રંગીલા રંગીલા

**[4]** બટુકભાઈ કેવડા હતા રે (૨)
બટુકભાઈ આવડા હતા રે (૨)
બટુકભાઈ કેમ કરી પાણી પીતા'તા
બટુકભાઈ ઘટર ઘટર,
બટુકભાઈ ઘટર ઘટર પાણી પીતા'તા ... બટુકભાઈ
બટુકભાઈ કેમ કરી ખાણું ખાતા'તા
બટુકભાઈ ભચડ ભચડ,
બટુકભાઈ ભચડ ભચડ ખાણું ખાતા'તા... બટુકભાઈ
બટુકભાઈ કેમ કરી કચરો કાઢતા'તા
બટુકભાઈ આમ કરી,
બટુકભાઈ આમ કરી કચરો કાઢતા'તા... બટુકભાઈ
બટુકભાઈ કેમ કરી કપડાં ધોતા'તા
બટુકભાઈ આમ કરી,
બટુકભાઈ આમ કરી કપડાં ધોતા'તા... બટુકભાઈ

**[5]** મમ્મા ઢીંગલ ઢીંગલ ઢીંગલ ,
પપ્પા ઢીંગલ ઢીંગલ ઢીંગલ
હું તો ઢીં...ગ...લી....(૨)
કપડાં ધો ધો કરું , મારા હાથ દુઃખી જાય (૨) મમ્મા ઢીંગલ
પોતું કર કર કરું, મારી કમર દુઃખી જાય (૨)
મમ્મા ઢીંગલ
કચરો વાળ વાળ કરું, મારા હાથ દુઃખી જાય (૨) મમ્મા ઢીંગલ
ચૂલો ફૂંક ફૂંક કરું, મારી આંખો દુઃખી જાય (૨) મમ્મા ઢીંગલ

http://PDFSeva.com

[6] મેળામાં જઈએ ભાઈ મેળામાં જઈએ (૨)
સોબતીઓની સંગે રે (૨)
મેળામાં જઈએ ભાઈ મેળામાં જઈએ (૨)
ચકચક કરતા ને ચીં ચીં કરતાં (૨)
ચકડોળમાં બેસી જઈએ રે (૨)
મેળામાં જઈએ ભાઈ મેળામાં જઈએ (૨)
તબડક તબડક કરતા કરતા (૨)
ઘોડા પર બેસી જઈએ રે (૨)
મેળામાં જઈએ ભાઈ મેળામાં જઈએ (૨)
લાલ પીળા ફૂગ્ગા ફોડતાં ફોડતાં (૨)
જલ્દી ઘેર પહોંચી જઈએ રે (૨)
મેળામાં જઈએ ભાઈ મેળામાં જઈએ (૨)

[7] બિલાડીનું નાનું બચ્ચું મેળો જોવા જાય
બસ રીક્ષામાં ચક્કર આવે, ચાલતાં ચાલતાં જાય
બિલાડીનું નાનું બચ્ચું
ચહેરા પર એ હિંમત રાખે, પણ મનમાં મુંજાય
રસ્તાની એ ડાબે ચાલે, હળવે હળવે જાય
બિલાડીનું નાનું બચ્ચું
કૂતરાભાઈ તો (હા ઉં હા ઉં) ટ્રાફિક પોલિસ
તરત સમજી જાય
સીટી મારે હાથ બતાવે, ટ્રાફિક થોભી જાય
બિલાડીનું નાનું બચ્ચું
મેળામાં તો સ્ટોલ ઘણાં છે, ખાવા મન લલચાય
મમ્મીનું એ યાદ આવ્યું કે, બહારનું ના ખવાય
બિલાડીનું નાનું બચ્ચું

[8]એક ઢિંગલી સોહાણી લટકા-મટકા કરતી જાય (૨)
કાને કુંડળ પહેરીને, નાકે નથણી પહેરીને
લટકા-મટકા કરતી જાય (૨)
હાથે કંગન પહેરીને, પગે ઝાંઝર પહેરીને
લટકા-મટકા કરતી જાય (૨)
પગે સેંડલ પહેરીને, ખભે પર્સ ભેરવીને
લટકા-મટકા કરતી જાય (૨)

[9] બા પેલા બાગમાં દોડી દોડી જાઉં (૨)
નાના છોડવાને પાણી પાઉં પાઉં પાઉં
બા પેલા બાગમાં
આંબાની ડાળે ટહુકે કોયલડી (૨)
કોયલની સાથી ગાઉં ગાઉં ગાઉં
બા પેલા બાગમાં
વડલાની ડાળે બાંધ્યો છે હિંચકો (૨)
હિંચકે હિંચકા ખાઉં ખાઉં ખાઉં
બા પેલા બાગમાં
છોડવે છોડવે ઊડે પતંગિયા (૨)
હું તો એને પકડવા જાઉં જાઉં જાઉં
બા પેલા બાગમાં
હરિયાળી બાગમાં નાચે છે મોરલો (૨)
મોરલો બોલે મેં આઉં આઉં આઉં
બા પેલા બાગમાં

[10] ઢિંગલી તારા માંડવા રોપ્યા, ઢોલ વાગે ઢમઢમ
લાલિયો મહરાજ લાડવા વાળે, શાક કરે છમછમ
ઢિંગલી તારા માંડવા
ચાખવા મીનીબેન બેઠા'તા , જીભલડી ચમચમ
પમલો પેલો વાંદરો ફૂંકે, પિપૂડાં પમપમ
ઢિંગલી તારા માંડવા
જૂનાગઢથી જાન આવી છે, જાનડીઓ રૂમઝૂમ
દોડતાં પેહેલાં વેલડાં આવે, ઢોલ વાગે ઢમઢમ
ઢિંગલી તારા માંડવા
ઢિંગલીબાઈના પગમાં ઝાંઝર, ઘૂઘરીઓ ધમધમ
નાકમાં એને નથણી સોહે, કેવી રે ચમચમ
ઢિંગલી તારા માંડવા
ઢિંગલીબાઈ તો સાસરે જાશે, આંસુડાં ટમટમ
લાગશે કેવા ઘરને શેર, સુના રે સમસમ
ઢિંગલી તારા માંડવા

http://PDFSeva.com

(11) ઘોડાગાડી રીક્ષા, રીક્ષામાં બેઠા બાળકો
ઘોડાગાડી રીક્ષા, રીક્ષામાં બેઠા બાળકો
ઓ વહાલા બાળકો, તમે નિશાળ વહેલા આવજો
નિશાળ તો દૂર છે ભણવાની જરૂર છે
એકડો તો આવડે છે પણ બગડાની જરૂર છે
ઓ વહાલા
એકડો તો આવડે છે પણ બગડાની જરૂર છે
ઓ વહાલા
બગડો તો આવડે છે પણ તગડાની જરૂર છે
ઓ વહાલા
તગડો તો આવડે છે પણ ચોગડાની જરૂર છે
ઓ વહાલા
ચોગડો તો આવડે છે પણ પાંચડાની જરૂર છે
ઓ વહાલા
પાંચડો તો આવડે છે પણ છગડાની જરૂર છે
ઓ વહાલા
છગડો તો આવડે છે પણ સાતડાની જરૂર છે
ઓ વહાલા
સાતડો તો આવડે છે પણ આઠડાની જરૂર છે
ઓ વહાલા
આઠડો તો આવડે છે પણ નવડાની જરૂર છે
ઓ વહાલા
નવડો તો આવડે છે પણ દસડાની જરૂર છે
ઓ વહાલા

[12] પિપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો
ચોરી ગયો એ તો કેરીનો કરંડિયો
કેરી ખવાય છે, ગોટલા ફેંકાય છે,
ચોરી પકડાય છે, ડંડા મરાય છે
તનમાંને મનમાં તનમનિયો મૂંઝાય છે
પિપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો
ચોરી ગયો એ તો કેળાંનો કરંડિયો
કેળાં ખવાય છે, છોતરાં ફેંકાય છે,
ચોરી પકડાય છે, ડંડા મરાય છે
તનમાંને મનમાં તનમનિયો મૂંઝાય છે
પિપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો

[13]કોયલ કૂ કૂ ગાય, મને ગાવાનું મન થાય
ગાવાનું હું શરૂ કરું ત્યાં, પપ્પા મારા ખીજાય
કોયલ કૂ કૂ ગાય
ચકલી ચણ ચણ ખાય, મને ખાવાનું મન થાય
ખાવાનું હું શરૂ કરું ત્યાં, મમ્મી મારી ખીજાય કોયલ કૂ કૂ ગાય
ઉડતું પતંગિયું જોઈ, મને ઉડવાનું મન મન
ઉડવાનું હું શરૂ કરું ત્યાં, નીચે પડી જવાય
કોયલ કૂ કૂ ગાય
પથારીએ સુતાં , મને કઈ કઈ વિચાર થાય
સુવાનું હું શરૂ કરું ત્યાં, સપને સરી જવાય
કોયલ કૂ કૂ ગાય

[14] લીલી પીળી ઓઢણી (૨) ઓઢી રે મેં તો ઓઢી રે
હું તો જાતી નિશાળિયે દોડી રે દોડી (૨)
હાથ કેરા કંગન (૨) પહેર્યા રે મેં તો પહેર્યા રે
હું તો જાતી નિશાળિયે દોડી રે દોડી (૨)
કાન કેરા કુંડળ (૨) પહેર્યા રે મેં તો પહેર્યા રે
હું તો જાતી નિશાળિયે દોડી રે દોડી (૨)
નાક કેરી નથણી (૨) પહેરી રે મેં તો પહેરી રે
હું તો જાતી નિશાળિયે દોડી રે દોડી (૨)
પગ કેરા ઝાંઝર (૨) પહેર્યા રે મેં તો પહેર્યા રે
હું તો જાતી નિશાળિયે દોડી રે દોડી (૨)

[15] ઘોડો ઘૂઘરિયાળો મારો ઘોડો ઘૂઘરિયાળો (૩) (૨)
ઘાસ એ ખાય છે ને તાજો માજો થાય છે (૨)
દોડાવું તો દોડે છે ને થોભાવું તો થોભે છે (૨)
એના ઉપર બેસું ત્યારે લાગું હું મૂંછાળો
ઘૂઘરિયાળો (૨)
ઘોડો ઘૂઘરિયાળો મારો ઘોડો ઘૂઘરિયાળો (૩) (૨)
રંગે એ કાળો છે પણ દિલનો બહુ રૂપાળો છે (૨)
ચાબૂકનું શું કામ છે ને ચેતક એનું નામ છે (૨)
તડબડ તડબડ દોડે ત્યારે લાગે પાંખોવાળો
ઘૂઘરિયાળો (૨)
ઘોડો ઘૂઘરિયાળો મારો ઘોડો ઘૂઘરિયાળો (૩) (૨)

http://PDFSeva.com

[16] ચોલી પહેરીને હું તો નિશાળે ગઈ 'તી (૨)
ચોલી મારી ચલક ચલક થાય (૨)
બેની મારો લટકો જરા જરા જો જો
કંગન પહેરીને હું તો નિશાળે ગઈ 'તી (૨)
કંગન મારા ખણણ ખણણ થાય (૨)
બેની મારો લટકો જરા જરા જો જો
નથણી પહેરીને હું તો નિશાળે ગઈ 'તી (૨)
નથણી મારી ઝનન ઝનન થાય (૨)
બેની મારો લટકો જરા જરા જો જો
ઝાંઝર પહેરીને હું તો નિશાળે ગઈ 'તી (૨)
ઝાંઝર મારી છણણ છણણ થાય (૨)
બેની મારો લટકો જરા જરા જો જો

[17] ચકીબેન ચકીબેન
મારી સાથે રમવા આવશો કે નહિ, આવશો કે નહિ
બેસવાને ખાટલો, સુવાને પાટલો
ઓઢવાને પીંછાં આપીશ તને, આપીશ તને
ચકીબેન ચકીબેન
પહેરવાને સાડી, મોરપીંછાંવાળી
ઘમ્મરિયો ઘાઘરો આપીશ તને, આપીશ તને
ચકીબેન ચકીબેન
ચક ચક અવાજે ચીં ચીં કરજે
ચણવાને દાણા આપીશ તને, આપીશ તને
ચકીબેન ચકીબેન
બા નહિ લડશે, બાપુ નહિ લડશે
નાનો બાબો તને ઝાલશે નહિ, ઝાલશે નહિ
ચકીબેન ચકીબેન

**[18] ડાગ...ડાગ... (૨)**
**ચાલે સસલા (૨)**
**હાલાં વ્હાલાં લાગે કેવાં**
**નાનાં સસલાં (૨)**
**કુણા તરણાં ખાતાં**
**દોડી દોડી જતાં**
**નાનાં સસલાં (૨)**
**રમત – ગમત કરતાં એતો**
**નાનાં સસલાં (૨)**
**હાલાં વ્હાલાં લાગે એતો**

[19] પેલા ચકલીબાઈ એ માળા બાંધ્યા ઢંગા વગરના
પેલા દરજીડાને સુગરીબાઈના કેવા મજાના
પેલા ચકલીબાઈ એ
ઝાડે ખિસકોલીએ માળા બાંધ્યા રૂ ના રેસાના
કાબર કબૂતરને ઘૂવડ વળી કાગડા કોયલના
પેલા ચકલીબાઈ એ
પેલા ઉંદરભાઈએ દર ખોદ્યા કેવા મજાના
સાપે પેસી જઈને રાફડા કર્યા હક વગરના
પેલા ચકલીબાઈ એ
કીડી મકોડીએ દરના કર્યા નગર મજાના
પેલા વાંદરાભાઈ તો રખડ્યા કરે ઘર વગરના
પેલા ચકલીબાઈ એ

**[20] પખી બની ઉડી જાઉ (૨)**
**હો..હો..હો..ચાંદા મામાનાં દેશમાં (૨)**
**કાળાં કાળાં વાદળાનો દેશ ચાંદામામા**
**વાદળ બની વરસી જાઉં (૨) હો..હો..હો..**
**ટમટમતા તારલાનો દેશ ચાંદામામા**
**તારલા બની ઝબકી જાઉં (૨) હો..હો..હો..**
**રૂપાળી પરીઓનો દેશ ચાંદામામા**
**પરી બની ઉડી જાઉં (૨) હો..હો..હો..**

**[21] અમ નાના નાજુક ન રૂપાળા**
**રંગીન પાંખો વાળા પતંગિયા રંગ રંગી રંગ રંગી**
**અમે રહેતાં વગડાની રૂડી કૂંજે જ્યાંપંખી ગીત ગુજે**
**પતંગિયા રંગ રંગી રંગ રંગી**
**અમે ઉડતાં સુગંધી ફુલ ફુલે ગુલાબને ફુલે**
**પતંગિયા રંગ રંગી રંગ રંગી**
**કદી વાયુ લહેરોની સંગે સૌ નાચતાં ઉંમગે**
**પતંગિયા રંગ રંગી રંગ રંગી**
**અમે ફુલોના રસ પિનારા સૌ બાળકોનાં પ્યારાં**
**પતંગિયા રંગ રંગી રંગ રંગી**

http://PDFSeva.com

[22] ધોળા ધોળા બગલા તમ ક્યા ચાલ્યા?
અમે બાગ – બગીચે જઈએ (૨)
ફુલને પાંદડાં ચુંટી લઈએ (૨)
એવાં ધોળા ધોળા અમે બગલા છીએ.
ધોળા ધોળા સસલાં તમે ક્યાં ચાલ્યાં?
અમે બાગ – બગીચે જઈએ (૨)
ઝટપટ કુણા પાન ખાઈએ.
એવાં ધોળા ધોળા અમે સસલા છીએ.
નાનાં નાનાં બાળકો તમે ક્યાં ચાલ્યા?
અમે રોજ નિશાળે જઈએ.
ઝટપટ લેશન કરી લઈએ.
એવા નાનાં નાનાં અમે બાળકો છીએ.

<u>ઘડીયાળ મારૂં નાનું</u>

ઘડીયાળ મારૂં નાનું એ ચાલે છાનુંમાનું
એ તો કેવી નવાઈ જેવી વાત છે !
એને માથે પાંખ પણ ચાલે ઝટપટ,
એ તો કેવી નવાઈ જેવી વાત છે !
ખાવાનું નહીં ભાવે પણ ચાવી આપ્યે ચાલે,
એ તો કેવી નવાઈ જેવી વાત છે !
અંધારે અજવાળે સૌના વાતકને સંભાળે,
એ તો કેવી નવાઈ જેવી વાત છે !
દિવસ રાત એ ચાલે પણ થાક નહીં લાગે,
એ તો કેવી નવાઈ જેવી વાત છે !
કટ કટ કરતું બોલે જરાય નહીં થોભે,
એ તો કેવી નવાઈ જેવી વાત છે !
ઘડીયાળ મારૂં નાનું ને ચાલે છાનુંમાનું,
એ તો કેવી નવાઈ જેવી વાત છે !

<u>એકડો સાવ સળેખડો</u>

એકડો સાવ સળેખડો, બગડો ડિલે તગડો
બંન્ને બથ્થંબથ્થા બાઝી, કરતા મોટો ઝગડો
તગડો તાળી પાડે, ને નાચે તાતાથૈ
ચોગડાની ઢીલી ચડ્ડી સરરરર ઉતરી ગઇ
પાંચડો પેંડા ખાતો એની છગડો તાણે ચોટી
સાતડો છાનો માનો સૌની લઇ ગયો લખોટી
આઠડાને ધક્કો મારી નવડો કહેતો ખસ
એકડે મીંડે દસ વાગ્યા, ત્યાં આવી સ્કૂલની બસ

<u>સાયકલ મારી ચાલે</u>

સાયકલ મારી ચાલે એની ઘંટી ટનટન વાગે
સરસર સરસર ભાગે એની ઘંટી ટનટન વાગે
ત્રણ પૈંડા વાળી ને ગાદીવાળી સીટ
ફુલ ફાસ્ટ ભગાવું તોય નથી લાગતી બીક
હું ને ભાઈ મારો આખો દિ ફરવાના
નદીએ ફરવા જાશું સૌથી છાનામાનાં
સાયકલ મારી ચાલે, જાણે ઘોડાગાડી
સરસર સરસર ભાગે જાણે એંજીન ગાડી

***<u>બડી લંબી રે મારા દાદાજીની મૂંછ</u>***

**બડી લંબી રે મારા દાદાજીની મૂંછ**
**દાદાની મૂંછ જાણે બિલાડીની પૂંછ......બડી લંબી.....**
**દાદાજી પોઢયાતાં મખમલના ગાદલે**
**શાહીથી રંગી મારા દાદાની મૂંછ.....બડી લંબી.......**
**બચુભાઈને પારણે તુટેલી દોર છે.**
**દોરીએથી ગૂંથી મારા દાદાની મૂંછ......બડી લંબી........**
**અંધારે એકલો હું ચોકલેટ શોધતો.**
**હાથે વીંટાળી મારા દાદાની મૂંછ.....બડી લંબી.......**
**ઝાલીને હાથ ભરી હૈયે દબાવતો.**
**ઘરેથી ભાળી મારા દાદાની મૂંછ.....બડી લંબી...**

**http://PDFSeva.com**

## <u>વાહ,ભાઈ,વાહ</u>

વાહ ભાઈ વાહ રે ભાઈ વાહ
નાનાં નાનાં છોકરાં........(૨)
બેસી જાઓ ઉભા થાઓ......
આંખો મીંચીને ઉઘાડો જરા,મીઠું મીઠું હસો જરા...
ધીમે ધીમે તાળી દેજો,એકી સાથે તાળી દેજો,
નાનાં નાનાં છોકરાં........
નીચા વળજો સીધા થાજો,
ચપટી વગાડો,પગ ઉંચકાવો,નાચો કુદો ખુબ આનંદે,
કેવી મજા ભઈ કેવી મજા,   નાનાં નાનાં છોકરાં.......
બેસી જાઓ છોકરાં ઉભા થાઓ છોકરાં ,
ડાહયાં ડમરાં છોકરાં,વંદન કરજો છોકરાં,
ભાગ જાઓ છોકરાં,... નાનાં નાનાં છોકરાં...વાહ....

## <u>રૂમ ઝૂમ એકડો નાચે</u>

રૂમઝૂમ રૂમઝૂમ એકડો નાચે,બગડો બીન વગાડે રે,
તગડાએ એકતારો લીધો,સંગીતમાં સૂર રેલાવે રે..
ચીડિયો સ્વભાવ ચોગડાં કેરો,મનમાં ગણગણાવે રે..
પાંચભાઈ તો વહાલ કરીને,રાસમાં રંગત લાવે રે..
છગડાભાઈતો છાના માના,મનમાં ગણગણાવે રે....
સાતડા કેરા સાત સૂરોથી,રાસમાં રંગત લાવે અરે...
ખંજરી હતી આઠડા પાસે,નવડો ઢોલ વગાડે રે...
દસ રહયા ભાઈ સૌથી છેલ્લે,જોરથી તાલી વગાડે રે..
રૂમઝૂમ રૂમઝૂમ એકડો નાચે,બગડો બીન વગાડે રે,

## <u>એક મારી ઢીંગલીને</u>

એક મારી ઢીંગલીને એવી સજાવો....(૨)
બે એના કાનમાં બુટી પહેરાવો......(૨)
ઉ એના નાકમાં નથણી પહેરાવો ......(૨)
ચાર એનાં હાથમાં ચૂડી પહેરાવો....(૨)
પાંચ એના આંગડીમાં વિંટી પહેરાવો...(૨)
છ એની વેણીમાં ફૂલડાં ગૂંથાવો.....(૨)
સાત એની ઝાંઝરીમાં ઘુઘરી મેલાવો....(૨)
આઠ એની ઓઢણીમાં રંગ પુરાવો....(૨)
નવ એના ડ્રેસમાં મોર ચીતરાવો.....(૨)
દશમાં દશેરાએ ગરબે ઘૂમાવો....(૨)

## <u>અમે નાનકડાં દેવ</u>

અમે નાનકડા દેવ બાલ મંદિરનાં
થાય પૂજા અમારી બાલ મંદિરમાં
કૃષ્ણ નાનાં હતાં,દૂધ પીતા હતાં,દહીં ખાતા હતાં
બેન માખણ ખવડાવે બાલ મંદિરમાં
કૃષ્ણ નાનાં હતાં,સૌને ગમતાં હતાં,ખૂબ રમતાં હતાં,
બેન રમત રમાડે બાલ મંદિરમાં,
કૃષ્ણ નાનાં હતાં,ખૂબ નીડર હતાં નાગ દમતાં હતાં,
બેન નિર્ભય બનાવે બાલ મંદિરમાં ,
કૃષ્ણ નાનાં હતાં,ખૂબ ભણતાં હતાં,ગુરુ પ્રેમાળ હતાં,
બેન સાચું ભણાવે બાલ મંદિરમાં
અમે નાનકડા દેવ બાલ મંદિરનાં

## <u>માડી મને ભણવા મેલ</u>

માડી મને ભણવા મેલ,માર નેહાળે જાઉ છે.
એકડો પાડયો બગડો પાડયો,તગડો હું તો ચૂલી ગયો.
ગામનાં છોરાં ભણવા જાય,માર નેહાળે જાવું છે.
ચોગડો પાડયો,પાંચડો પાડયો છગડો મેંતો અવડો પાડયો.
ગામનાં છોરાં ભણવા જાય,માર નેહાળે જાવું છે.
સાતડો મને ખુબ ગમે,આઠડો જાણે કોદાડી,
નવડો પાડી નાઠો ઘેર,એકડાં હારે મેંડું મેલ,
એકડે મીંડે દસ થાય,માડી મારે ખુશ થાય,
માડી મને ભણવા મેલ,માર નેહાળે જાઉ છે.

## <u>બસમેં હુલુલુલુ હોય રે</u>

બસમેં હુલુલુલુ હુલુલુલુ હોય રે
બસમેં બૈઠે દો ગુજરાતી,બસમેં કેમ છો કેમ છો હોય રે..
બસમેં બૈઠે દો મરાઠી,બસમેં ઈકડે ટીકડે ઈકડે ટીકડે હોય રે..
બસમેં બૈઠે દો કચ્છી ભાઈ,બસમેં કિં આઈ કિં આઈ હોય રે..
બસમેં બૈઠે દો સિંધીભાઈ,બસમેં છા ખપે છા ખપે હોય રે..
બસમેં બૈઠે દો ભૈયાજી,બસમેં કાં કરતવા કાં કરતવાં હોય રે..
બસમેં બૈઠે દો અંગ્રેજી,બસમેં જ:દ બ્ચ્ન થ:૭ળ જ:દ બ્ચ્ન થ:૭ળહોયરે
બસમેં બૈઠે દો જાપાનીઝ,બસમેં સાયોનારા સાયોનારા હોય રે.
બસમેં બૈઠે દો સ્વાધ્યાયી,બસમેં જય યોગેશ્વર જય યોગેશ્વર હોય રે
બસમેં બૈઠે દો પંજાબી,બસમેં બલ્લે બલ્લે હોયરે.
બસમેં બૈઠે દો મદ્રાસી,બસમેં કાઈ જાલા કાઈ જાલા હોય રે
બસમેં હુલુલુલુ હુલુલુલુ હોય રે

**http://PDFSeva.com**

## આ અમારી ગાડી છે

આ અમારી ગાડી છે,પગ એ ના પૈડા છે.
પેટ એનું એન્જિન છે,રોજ સવારે ઉપડે છે.
ભાગ...છૂટ....ભાગ.....છૂટ....ભાગ..
રસોડું પેલું સ્ટેશન છે,સિસોટી ત્યાં વગાડે છે.
ભૂખ....ભૂખ... ભૂ.....ખ....
મમ્મી સ્ટેશન માસ્તર છે,નાસ્તાનું સિગ્નલ આપે છે.
એન્જિનમાં ઢેબરાં નાખો રે,એન્જિનમાં દૂધ ભરો રે,
ઘડિયાળમાં ડંકો વાગ્યો રે,નિશાળમાં ભણવા ભાગ્યો રે,
ભાગ...છૂટ....ભાગ.....છૂટ....ભાગ..
નિશાળનું જંકશન આવ્યું રે,દફતર ઉપાડી ઉતર્યો રે
વર્ગમાં જઈ બેઠાં રે,શબ્દો વાકયો લખયાં રે..
જોરથી ગીતો ગાયા રે ,દાખલાં બધાં ગણ્યા રે.
એન્જિનમાં ઉંદર બોલ્યાં રે...ભૂખ....ભૂખ... ભૂ.....ખ....
સિગ્નલ કયારે મળશે રે,ઘરકામ ઝટપટ લખો રે,
સામાન જલ્દી ભરો રે,ટન ટન ટનટન
ગાડી અમારી ઉપડી રે...ભાગ છૂટ..
એ જો ઘર આવ્યું રે,મમ્મી મારી રાહ જુએ રે,
બ્રેક જલ્દી મારો રે,ચૂંઈઈઈઈ.......ચૂંક.......
સામાન જલ્દી ઉતારો રે,થાળી જલ્દી પીરસો રે,
ભૂખ અમને લાગી રે... આ અમારી ગાડી છે..........

## ટીચર આપકી કસમ

ટીચર આપકી કસમ,મેડમ આપકી કસમ
પઢતે હૈ સારી રાત હમ,ફિરભી નંબર આતે હૈ કમ,
બતાઓ હમ કયા કરે ?
પહેલાં વિષય હૈ ગણિત,ઉસમેં બૈઠે હૈ પંડિત,
બતાઓ હમ કયા કરે ?
દૂસરાં વિષય હૈ ગુજરાતી,ઉસમેંઆતી હૈ સંજ્ઞાએ,
બતાઓ હમ કયા કરે ?
તીસરાં વિષય હૈ અંગ્રેજી,ઉસમે આતે હૈ સ્પેલિંગ,
બતાઓ હમ કયા કરે ?
ચૌથા વિષય હૈ હિન્દી,ઉસમેં આતે હૈ ચંદ્રબિંદી,
બતાઓ હમ કયા કરે ?
પાંચવાં વિષય હૈ પી.ટી.ઉસમેં બજાતે હૈ સીટી,
બતાઓ હમ કયા કરે ?

## નાની મારી સ્લેટ

નાની મારી સ્લેટ ને નાની મારી ચોપડી,
શાળાએ જવાની મને મજા રે પડી,
મમ્મી પપ્પા આવજો હું શાળાએ જાઉં છું..
શાળાએ જઈ હું તો શિક્ષક બની જઈશ.
ક કલમનો ક,ખ ખટારાનો ખ,ગ ગણપતિનો ગ,ઘ ઘરનો ઘ
નાની મારી સ્લેટ....મમ્મી પપ્પા આવજો.... શાળાએ જઈ....
એકડે એક બગડે બેઈ,તગડે ત્રણ,ચોગડે ચાર,
નાની મારી સ્લેટ....મમ્મી પપ્પા આવજો.... શાળાએ જઈ....
એક એકું એક,બે એકું બેય,ત્રણ એકું ત્રણ,ચાર એકું ચાર
નાની મારી સ્લેટ....મમ્મી પપ્પા આવજો.... શાળાએ જઈ....

## PREYAR

God is so good........(3)
Yes,he is good to me.
God is so kind..........(3)
Yes,he is kind to me…
I will trust in him.......(3)
Yes,I will trust in him…
I will sing his praise....(3)
Yes I will sing his praise..

## ચાંદામામા ચાંદામામા

ચાંદામામા ચાંદામામા,ચાંદામામા રે,
આકાશે ચડીને તમે રમવા આવો રે,
ભાઈબંધો સૌ ચોકમાં આવી જાઓ રે,
મામાને બોલાવા તમે ગીત ગાઓ રે,
મામા આવો મામા આવો મામા આવો રે,
રૂપેરી પરીને તમે સાથે લાવો રે.
અમે દઈએ દાવ તમે સંતાઈ જાઓ રે,
કાળાં કાળાં વાદળાંની પાછળ જાઓ રે.
પરીઓની પાંખ લઈ પકડી લેશું રે,
મીઠાં મીઠાં રૂપ તમારાં વહેંચી લેશું રે.

http://PDFSeva.com

## મારી ટચાક ટીલડી ખોવાણી

મારી ટચાક ટીલડી ખોવાણી,આ રસ્તા વચ્ચે ખોવાણી
મારા પપ્પાને હું કહીશ તો ,આવળાં ડોળાં કાઢશે. મારી...
મારી મમ્મીને હું કહીશ તો,મને વેલણ વેલણ મારશે. મારી...
મારા ભાઈને હું કહીશ તો,મને ચંપલ ચંપલ મારશે. મારી...
મારી બહેનને હું કહીશતો,મને ઝાપટ ઝાપટ મારશે. મારી...
મારી ટીચરને હું કહીશતો,મારા પર ખીજાશે. મારી...
મારી બહેનપણીને હું કહીશતો,મને શોધવામાં મદદ કરશે.મારી..

## ધિનકાતિકા ધિનકાતિકા

ધિનકાતિકા ધિનકાતિકા ,ધિનકાતિકા ધૂમ.
ઓ પતંગિયા ઓ પતંગિયા,તું શીખવીજા મને ઉડવાનું,
ધિનકાતિકા.......
ઓ કોયલડી ઓ કોયલડી,તું શીખવીજા મને ગાવાનું.
ધિનકાતિકા.......
ઓ મયુરભાઈ ઓ મયુરભાઈ,તું શીખવીજા મને નાચવાનું.
ધિનકાતિકા.......
ઓ સુરજમુખી ઓ સુરજમુખી,તું શીખવીજા મને હસવાનું.
ધિનકાતિકા.......

## એક જાડો પાડો લીમડો

એક જાડો પાડો લીમડો,
એ લંગડી રમવા આવે તો મજા પડે ભાઈ મજા પડે.
એક મારા સોકેસની ઢીંગલી,
એ ગરબે રમવા આવે તો મજા પડે ભાઈ મજા પડે.
પેલા આકાશે ટમ ટમ તારલીયા,
એ નીચે ઉતરી આવે તો મજા પડે ભાઈ મજા પડે.
આ મારી નિશાળના બાળકો,
એ રોજ ભણવા આવે તો મજા પડે ભાઈ મજાપડે.

## નાની નાની બેનડી

નાની નાની બેનડીનો નાનો નાનો ભાઈ,
લઈ પાટી પેન ભણવાને જાય.
નાના નાના હાથમાં નાની નાની પેન,
લખે છે એકડોને ભણાવે છે બેન.
લાલ લાલ હોઠને જરા જરા ખોલ,
પ્યારા લાગે છે એના કાલાં કાલાં બોલ.
થાશે ગાંધી નહેરુ કે જવાહરલાલ,
કરશે ભારતને જાહોજલાલ.

## હે દાદા હાલોને હુતુતુતુ રમીએ

હે દાદા હાલોને હુતુતુતુ રમીએ.
હે દાદા અમે તો નાના-નાના બાળ છીએ.
હે દાદા તમે તો આવાડાં મોટા કેમ છો ? હે દાદા.....
હે દાદા અમારે નાના-નાના વાળ છે.
હે દાદા તમારે માથે ટાલ કેમ છે ? હે દાદા.....
હે દાદા અમારે નાનું-નાનું પેટ છે.
હે દાદા તમારે મોટી ફાંદ કેમ છે ? હે દાદા....

## ABCD ઘોડા દોડાવો

ABCD ABCD ઘોડા દોડાવો,
ઘોડાનો પગ ભાંગ્યો મલમ લગાવો,
મલમ ઉપર માખી બેઠી ચાદર ઓઢાડો,
ABCD............
ચાદરનો છેડો છૂટયો દરજી બોલાવો,
દરજીની સોય ભાંગી,લુહાર બોલાવો,
લુહારનો હાથ ભાંગ્યો,ડોકટર બોલાવો,
ABCD............
ડોકટરની પેટી ચોરાણી પોલીસ બોલાવો,
પોલીસની ટોપી ઉડી તાલી બજાવો,
ABCD............

## ફુલપરી

ફુલપરી તું લઈને જાજો અમને તારા દેશ,
તારા મારા દિલ છે એક ભલે જુદા દેશ.
ત્યાં જઈને શું-શું ખાશું
ચોકલેટ ખાશું બિસ્કીટ ખાશું ખાશું ડૈરી મિલ્ક.
તારા મારા દિલ છે એક ભલે જુદા દેશ. ફુલપરી......
ત્યાં જઈને શું-શું રમશું
ક્રિકેટ રમશું હોકી રમશું, રમશું ફુટબોલ.
તારા મારા દિલ છે એક ભલે જુદા દેશ.
ફુલપરી

http://PDFSeva.com

# **<u>જોડકણાં</u>**

## ૧

આવરે મેહુલા
નેવલે પાણી
નઠારી છોકરીને
દેડકે તાણી

## ૨

ઉટ મુટ ખાટલી
પીલુડીના પાયા
ઉડ અલી હરણી
તારા દો'નારા આવ્યા

## ૩

ઘર ઘર ઘંટી ફરતી જાય
બંટી બાજરો દળતી જાય
હળવી થાય ભારે થાય
મીઠાં ગીત ગાતી જાય

## ૪

ચાંદા ચાંદા પોળી
ઘીમાં ઝબોળી
દહીં કે દુધડી માખણ ફુદડી
બચુભાઈના મોં મા
હબુક પોળી

## ૫

ઘમ વલોણું ઘમ
છાસ બોલે છમ
હાથ ઘાલીને જોતી
ચૂડે વાગ્યા મોતી

છાસ ખાય છોકરાં

દહીં ખાય દોશી
છોડીયાં જેવા છોકરાં
ને ઘાબડા જેવી દોશી

## ૬

રૂમઝુમ રમતી
હળું હળું જમતી
મારી બેન અમથી
સૌ કોઈને ગમતી

પટ પટ વીણતી

ઝટ ઝટ ગણતી
મારી બેન અમથી
સૌ કોઈને ગમતી

## ગાજર

રાતાં રાતાં રતનજી
ઉપર લીલાં પાન
મૂળાનાં તો સગાભાઈ
અથાણાંમાં માન

## કાચબો

કઠણ કઠણ ગોળ જેવો
ગોળ ગોળ પીઠ જેવો
શરીર આખું અંદર રાખી
પાણીમાં ફરનારો

## બિલાડી

પા પા પગલી ચાલે છે
અંધારામાં ભાળે છે
મ્યાઃ મ્યાઉં બોલે છે

## હોડી

ખોબા જેવી લાગું છું
પાણી ઉપર હું દોડું છું
હાલક ડોલક થાઉં છું

## ઊંટ

લાંબા લાંબા પગ છે
પીઠ ખુબ મોટી છે
લાંબી વળેલી ડોક છે
બોલો ભાઈ તે કોણ છે?

## ઘડિયાળ

ચરણ વગર ચાલે છે
જીભ વગર બોલે છે
પ્રાણ વગર ગણગણે છે
ચાવી ખાયને જીવે છે

## ઘંટી

ચકકા ઉપર ચકકા
અનાજનાં ભરે બુકકા
બુકડે બુકડે ખાય
થાળામાં ઢગલો થાય

## છાશ

ઉત્તમ કુળથી ઉપજી
તાત તણો તે તાત
તે સાથે વિવાહ કર્યો
સમજો સજજન વાત

## કમળ

કાદવમાં તે ખીલે છે
લાલા એનો રંગ છે
મોટું એનું કદ છે

## મોર

સૌથી સુંદર પક્ષી છે
મોટી એની માયા છે
રંગીન એના પીંછાં છે

## ચા

સવારનું જે અમૃત છે
મીઠો જેનો સ્વાદ છે

## નાળિયેરી

સાગર કિનારે રહું છું
ઊંચે ઊંચે જાઉં છું
મોટા ફળ આપું છું

## ઘંટી

ફેર ફુદરડી ફરતી જાય
ઘરરરર ગીત ગાતી જાય
ઘઉં બાજરી ખાતી જાય
થાળામાં મુતરતી જાય

## શેરડી

બાવાજીનો એક ઝંડો
ઉપર ફરકે છે ઝંડો
શરીરે નીકળે છે ગાંઠો
ખંતે ખાય બાળકો એસાંઠો

## ભમરો

પીળો છે પણ પોપટ નહિં
કાળો છે પણ કાગ નહિં
પાંખો છે પણ પંખી નહિં
ડસે છે પણ નાગ નહિં

## ટોલો

કાળી કોયલ કાળા દરમાં રહેતી
લાલ પાણી પીતી
સરકારથી ન બીતી

**http://PDFSeva.com**

:~> જોડ જોડ જોડકણાં
બોલ બોલ બોલકણાં
બોલકણાંના રાતાં બી
જોડકણાં શીખવાં આવો જી.. .

:~> કાળો છું રે કાળો છું
કા..... કા.... કરતો ઉડું છું,
એક આંખે કાણો છું
ને સફાઇનું કામ કરુ છું. ~ **કાગડો**

:~> મોતીયો, ડાગીયો મારુ નામ
રહેઠાણ મારુ આખું ગામ,
રક્ષણ કરવું મારુ કામ
તોય માંગું ના એકે દામ. ~ **કૂતરો**

:~> હું તો કરતો ચૂં....ચૂં...ચૂં...
નામ છે મારુ શું...શું...શું...
ભાળી જાઉં મીની માસી
થઇ જાતો હું છું...છું...છું... ~ **ઉંદર**

:~> પોચું પોચું ધોળું ધોળું
આમ દોડું તેમ દોડું,
જો કોઇને આવતાં ભાળું
ચાર પગે દોટ કાઢું ~ **સસલું**

:~> આંખ છે પણ આંધળી છું,
પગ છે પણ લંગડી છું,
મોઢું છે પણ મૌન છું,
બોલો, હું કોણ છું ? ~ **ઢીંગલી**

:~> ચાંપ દબાવો જગ ઢંઢોળે,
'ઉંદર' સંગે બારીઓ ખોલે,
તમે ભલે માનો ન માનો,
આવ્યો છે એનો જ જમાનો. ~ **કમ્પ્યુટર**

:~> વાઘ કેરી હું છું માસી
ઘરના ખુણે રહેતી બેસી,
ઉંદર જાય જો ઘરમાં પેસી
કરતી તેની ઐસી તૈસી ~ **બિલાડી**

:~> હૂપ....હૂપ... કરતો હું આવ્યો
ડાળી, મકાન કૂદતો આવ્યો,
મગન કાકાનો રોટલો લાવ્યો,
એ તો મને જરી ના ભાવ્યો. ~ **વાંદરો**

:~> નર બત્રીસ અને એક છે નારી,
જુઓ જગતમાં છે બધે સૌની પ્યારી,
કહો કરીએ મનમાં પુરો વિચાર,
મરે પહેલા નર અને જીવે નાર. ~ **જીભ**

:~> હાથમાં એ તો લાગે નાનો,
પણ દુનિયાનો તે ખજાનો,
હોય પાસે તો વટ પડે,
વારંવાર 'હલો' તે કહે. ~ **મોબાઇલ**

:~> મારે ટોડલે બેસે છે,
ટેહુંક ટેહુંક કરતો ભાઇ,
ઠૂમક...ઠૂમક.કળા કરે,
કલગીવાળો એ છે ભાઇ. ~ **મોર**

:~> કલબલ એ તો કરતી જાય,
ઠૂમકા મારે એ તો ભાઇ,
ચાલે એ તો ધીમી ચાલ,
નાના પરીવારની એ જાત. ~ **કાબર**

:~> રંગે એ તો કાળી છે,
બોલી સુમધુર એની ભાઇ,
કાગડાની તો દુશ્મન એ,
કુઉ..કુઉ..બોલે એ તો ભાઇ. ~ **કોયલ**

***http://PDFSeva.com***

:~> કોલસે સળગતી એને દીઠી,
ચોમાસે લાગે તે મીઠી,
એની છે અનેરી વાત,
દેખાવે લાગે તે દાંત. ~ **મકાઇ**

:~> પરોઢિયે એ તો બોલે છે,
સર્વેની નિદ્રા ભગાડે ભાઇ,
માથે એને કલગી સુંદર,
કૂકડે કૂક એ બોલતો ભાઇ. ~ **કૂકડો**

:~> ગળે કાંઠલો કાળો છે,
બહું રંગે એ લીલો છે ભાઇ,
લાલ ચાંચવાળો છે,
મરચાં એ બહું ખાય છે ભાઇ. ~ **પોપટ**

:~> ટહુકતી એ આંબા ડાળે,
બચ્ચાં ઉછેરતી કાગના માળે,
કાળા રંગે બહું કામણગારી,
મીઠાં ગીત ગાતી અલગારી. ~ **કોયલ**

:~> એક ગોળી એવી,
જે પોચી પોચી,
પટ વેલા ઉપર થાય.
જેને લોકો ઝટપટ ખાય. ~ **દ્રાક્ષ**

:~> મારી ગલીનો હું રાજા છું,
મારા માલિકને વફાદાર છું,
ઉપકાર એમના પૂરા કરવા,
આખી રાત હું જાગું છું. ~ **કૂતરો**

:~> ઉંદર મારો છે શિકાર,
વાઘ તણી છું માસી,
કૂતરો મારો છે દુશ્મન
જોઇ જાઉ તેને, તો જાઉં નાસી. ~ **બિલાડી**

:~> એક પગે રામનામ જપે,
જગ એને ઠગ ભગત કહે,
નદી સરોવરે માછલી પકડે,
રંગે ધોળા એ છે ભાઇ. ~ **બગલો**

:~> ભલું ને એ છે ભોળું,
શાંતિદુત બનતું એ તો ભાઇ,
ઘૂ.....ઘૂ....ઘૂ....કરતું એ,
સંદેશા વાહક બનતુ એ તો. ~ **કબૂતર**

:~> લુચ્ચો ને છે કાળો,
કા...કા... બોલીવાળો,
એંઠવાડ એ તો સાફ કરે,
શ્રાદ્ધમાં એ હર ઘરે ફરે. ~ **કાગડો**

:~> ઝીણી ઝીણી જંતુ એ,
દરમાં રેતી સાથે રહેતી ભાઇ,
દાણા નાના લઇને એ,
બાળ બચ્ચાં સાથે ખાતી ભાઇ. ~ **કીડી**

:~> કઠણ ને પથરાળો છે,
ગોળ ગોળ પીઠવાળો ભાઇ,
શરીર આખુંયે સંકોચે છે,
પાણીમાં રહેનારો ભાઇ. ~ **કાચબો**

:~> મૂંછો જેની વાંકી છે,
પૂંછડી વાંકી વાળો ભાઇ,
ડંખે એ તો ઝેરીલો છે,
દબાઇ જાય તો ડંખ મારતો ભાઇ. ~ **વીંછીં**

:~> કાળોતરો ને વળી લાંબો છે,
શત્રુ દેખી ફૂંફાડો મારતો ભાઇ,
દૂધ એ પીનારો છે,
ઊંચી ફેણવાળો ભાઇ ~ **નાગ**

*http://PDFSeva.com*

:~> પાણી એનું ઘર ગણાય,
તાવનું જે મૂળ છે ભાઇ,
નાના મોંથી ડંખ મારે,
લોહી એ તો ચૂસતું ભાઇ. ~ **મચ્છર**

:~> મારા પેટમાં એવી લાળ,
નીકળે એમાંથી લાંબા તાર,
લાળ કેરા તાંતણીયે,
બનાવું એવી જાળ,
મચ્છર, માખી ને કૂંદી જાય એમાં ફસાઇ. ~ **કરોળિયો**

:~> પાણીમાં રહેનારો છું,
બહું લાંબી પૂંછવાળો ભાઇ,
કિનારે પડી રહેનારો છે,
રાક્ષસી દાંતવાળો ભાઇ. ~ **મગર**

:~> બહુરંગી એ તો છે,
ફરરર ઉડતું એ તો ભાઇ,
ખીલેલું ફૂલ ચૂસે છે,
કળીએ કળીએ ધૂમતું ભાઇ. ~ **પતંગિયું**

:~> ગુન ગુન એ તો કરતો,
કાળોને વળી નાનો ભાઇ,
હર ફૂલો મહી ગુંજતો,
ભારે એ ડંખીલો ભાઇ. ~ **ભમરો**

:~> નાચણ સુંદર નાચતી
પીછાંનો પંખો બનાવતી
પંખાથી એ સુંદર લાગે
નાચ નાચતી ઝટ ભાગે. ~ **ચકલી**

:~> ડાળ કોતરે થડ કોતરે
પતરંગો એમાં ઘર કરે
ઘરમાં પ્રવેશતો શાનથી
ખુશી થાય એની કમાલથી.~ **લક્કડખોદ**

:~> ચોરની જે દાસી,
જ્યાં નાખે ત્યાં ચોટતી ભાઇ,
છે જંગલની રહેવાસી,
લાંબી જીભવાળી ભાઇ. ~ **ચંદન ઘો**

:~> ઘરની દીવાલોમાં રહું છુ,
જ્યાં જ્યાં દેખાય લાઇટ,
ત્યાં ત્યાં દોડી જાઉં છું,
લાઇટ કેરા અજવાળે આવતાં,
જીવડાંઓ હું ખાઉં છું. ~ **ગરોળી**

:~> લાંબી હોય ને ગોળ પણ હોય,
કાળું અને લીલું પણ હોય,
ભડકામાં ભરીને ખવાય,
બોલો એને શું કહેવાય ? ~ **રીંગણ**

:~> લીલાં રંગે જન્મ લીધો,
લાલ થયું ને વૃધ્ધ કીધો,
મોંમાં મૂકતાં પાણી બકતો,
છતાં મારા વગર રહી ન શકતો. ~ **મરચું**

:~> ડોક વાંકી ને રાતી ચાંચ,
એક પગે ઊભો ધરે ધ્યાન,
રંગ ભલેને હોય ધોળો,
કરતો એ કાળાં કામ. ~ **બગલો**

:~> કાળો છે પણ ચોટલો નહી,
લાંબો છે પણ લાકડી નહી,
વગર પગે દોડી જાય,
જોઇ માણસ ડરી જાય. ~ **સાપ**

:~> મરચાં મને બહું ભાવે
લોકો મને પાળવા ઘેર લાવે
સાંભળેલ શબ્દો બોલુ ઝટ
નામ છે મારુ..... . . . . . ~ **પોપટ**

***http://PDFSeva.com***

:~> હું તો બેઠી આંબા ડાળ
કૂઉ કૂઉ કરું આખો દિવસ
કાળો કાળો મારો છે રંગ
સહુને સાંભળવો ગમે મારો કંઠ.~ **કોયલ**

:~> તા થૈ.... તા થૈ.... અમે નાચીએ
વર્ષાને આભેથી બોલાવીએ
પીંછાં સુંદર ફેલાવી કરીએ કલા
અમને તો જોતા રહે ભલભલા.~ **મોર**

:~> લાગે માળો મુજનો સુંદર
જાણે બનાવ્યું લટકતું દર
વખાણે સૌ મુજની કારીગરી
ન ઓળખ્યા ? હું છું . . .~ **સુગરી**

:~> ચાંચ ચણ રાખી
મોં માં ચણ નાખી
ચકલી રાજી થાતી
ચીં ચીં ગાણું ગાતી.~ **ચકલી**

:~> તરતું હું સરરર... . .તળાવે
માછલી મને બહું જ ભાવે
ન ચૂકું હું માછલી પકડવાની તક
ન ઓળખ્યા હું છું.... . . .~ **બતક**

:~> કાળો કાળો છે મારો રંગ
ગંદવાડનો ગમે મને સંગ
કા. . કા. . હુંતો બોલુ ભાઇ
હું કરું પર્યાવરણની સફાઇ.~ **કાગડો**

:~> ઇનામ છે અમને કુદરતનું
શાંતિદૂત નામ લેવાય અમ જાતનું
પહેલાં અમે સંદેશાવાહક કહેવાતાં
શું.. . , નામે અમે ઓળખાતાં ?~ **કબૂતર**

http://PDFSeva.com

# જાણવાજેવું

~> ઉંદર ઊંટ કરતાં પણ વધું દિવસો સુંધી પાણી વગર ચલાવી શકે છે.

~> જંગલી પ્રાણીમાં ફક્ત હાથીને જ ઊંધે માથે ઊભા રહેવાની તાલીમ આપી શકાય છે.

~> ગોકળગાય બ્લેડ કે તલવારની ધાર પર ઇજા પામ્યા વગર ચાલી શકે છે !

~> એવરેસ્ટથી પણ ઊંચો ૧૦૦૪૩મી. પર્વત ' મોનોકોઆ ' સમુદ્રમાં આવેલો છે !

~> ફિલિપાઇન્સનિ ' બોયા ' ચકલી પોતાના માળામાં આગિયા મૂકે છે, જેથી માળો રાત્રે ચમકે !

~> જન્મથી જ અંધ હોય તેને સ્વપ્નમાં દ્રશ્યોને બદલે અવાજ જ આવે છે !

~> દુનિયામાં સૌથી ઊંચું પ્રાણી જિરાફ છે, જે ૧.૫મી ઊંચું હોઇ શકે !

~> તિબેટમાં મહેમાનોનું સ્વાગત જીભ બહાર કાઢીને કરવામાં આવે છે !

~> અરબી ભાષામાં ઊંટને માટે એક હજારથી પણ વધારે શબ્દો છે !

~> એક સાદી પેન્સિલથી ૬૦ કી.મી. લાંબી લીટી દોરી શકાય છે !

~> માણસની ખોપરીમાં ૨૨ હાડકાં છે, એક જ જડબાનો સાંધો
ચાલે છે ! તે ન ચાલે તો ? ન વાત કરી શકાય, ન છીંક કે બગાસું પણ ખાઇ શકાય !

~> આંખો ખુલ્લી રાખી તમે છીંક ન ખાઇ શકો !

~> માણસની આંખ ૧૭૦૦૦ જેટલા અલગ અલગ રંગોને ઓળખી શકે છે !

~> આપણે લગભગ દર છ સેકંડે આંખો પટપટાવીએ છીએ !

~> એલ્બેટ્રોસ નામનું પંખી એક પણ વખત પાંખો ફફડાવ્યા વિના
આખો દિવસ ઊડી શકે ! અને મર્મર (હમિંગ બર્ડ) એક મિનિટમાં ૪૦૦૦ વખત પાંખો ફફડાવે છે !

~> અંગ્રેજી ભાષામાં E સૌથી વધુ વખત અને Q સૌથી ઓછી વખત વપરાય છે.

~> સૂર્ય પૃથ્વીથી ૩,૩૦,૦૦૦ ગણો ભારે છે.

~> રેશમનો કીડો ૫૬ દિવસમાં પોતાના વજન કરતાં ૩૬,૦૦૦ ગણું ખાઇ જાય છે.

~> કીડી પોતાના કરતાં ૫૦ ગણું વજન ઊંચકી શકે છે અને ૩૦૦ ગણું વજન ખેંચી શકે !

~> નેપોલીયન બિલાડીઓથી બહુ ડરતો !

~> સાપને કાન નથી, આંખો છે, પરંતુ બે ફાંટાવાળી જીભ વડે
જ આસપાસની વસ્તુની જાણકારી મેળવે છે. ચાવવાના દાંત નથી, પણ શિકારીને પકડવાના દાંત હોય છે.

~> લીમડાના એક વૃક્ષનું આયુષ્ય ૧૫૦ થી ૨૦૦ વર્ષનું ગણાય છે.

~> લીમડો ભારતમાં સર્વત્ર થાય છે. લીમડો ભારતમાં ૬૦૦૦ ફૂટ નીચાણવાળા પ્રદેશોમાં
અને છેક ઉત્તરથી માંડી કન્યાકુમારી સુધી બધે થાય છે.

~> લીલું સોનું ગણાતા લીમડાના એક વૃક્ષમાંથી દર વર્ષે લગભગ ૩૦ થી ૫૦ કિલો ગ્રામ .
લીંબોળી પ્રાપ્ત થાય છે

~> દુનિયામાં લીમડો આજે પશ્ચિમ આફ્રિકા, અમેરિકા, આરબદેશો અને ઓસ્ટ્રેલિયા દેશોમાં .
પણ ખૂબ મોટા પ્રમાણમાં વવાય છે

~> લીમડાના ઝાડ ઉપર તીડ કદી હુમલો કરી, તેનો નાશ કરી શકતા નથી.

***http://PDFSeva.com***

## સાખી , દુહા , છંદ

| | |
|---|---|
| રિદ્ધિ દે સિદ્ધિ દે અષ્ટનવ નિધી દે,વંશમે વૃદ્ધિ દે બાકબાની<br>હૃદયમેં જ્ઞાન દે ચિતમેં ધ્યાન દે,અભય વરદાન દે શંભુરાની<br>દુઃખ કો દુર કર સુખ ભરપુર કર,આશા સંપુર્ણ કર દાસજાની<br>સજજન સો હિત દે કુટુંબ સે પ્રિત દે,જંગમેં જીત દે શ્રી ભવાની. | માળી નવઘણ જેદી નાનું બાળ અને એના લગનીયા લેવાય,<br>ઓલી સાતેય બેનું સામટીયું એ તને ખમ્માં રે માં ખોડીયાર.<br><br>ગોકુળિયું અમને ગમતું નથી અને જમના લાગે ખારી ઝેર,<br>પણ ઓલા વાલા સાથે વેર તેંતો સિદને કરાવ્યાં શામળા |
| સરસ્વતિ સૂર દિજીએ ગણપતિ દિજીએ જ્ઞાન,<br>બજરંગી મહાબળ દિજીએ  સદગુરુ દિજીએ શાન. | જગદંબા તું જોગણી જપીએ તારા જાપ,<br>અખંડ માડી તારા દીવા બળે માતા પ્રગટ છો આપો આપ. |
| ગુરુ બીન જ્ઞાન ન નીપજે ગુરુ બીન મીટે ના ભેદ,<br>ગુરુ બીન સંશય ના મીટે ભલે વાંચો ચારે વેદ. | ગૌરી તારા પુત્રને મધુરા સમરે મોર,<br>દિવસે સમરે હાટ વાણીયા ને રાત્રે સમરે ચોર. |
| માં તું દેવી સરસ્વતિ મતિ આપજે તું માં,<br>ભૂલ્યા અક્ષર બતાવજે તારા ગુણ ગાવું દિન રાત. | સતિ કહે મહાસાગર ઉમટયા એમા રતન તણાતા જાય,<br>કરમના હણ્યા અમે માનવી શંખલે મૂઠી ભરાય. |
| સરસ્વતિ સૂર દિજીએ ગણપતિ દિજીએ જ્ઞાન,<br>પંચદેવ મળી મારી રક્ષા કરો બ્રહમા,વિષ્ણુ,મહેશ. | રામનામ કી લૂંટ હૈ લૂંટ શકે તો તું લૂંટ,<br>અંત કાળે પછતાઓગે તેરા પ્રાણ જાશે છૂટ. |
| દ્વારકામાં જઈને તારો દિ' ફર્યો અને ખબરું ના લીધી કાન,<br>પણ નાનપણના આ નેણલા મને વસમાં લાગે કાગડા. | સીતા મંગલ ચાર ઈ ફેરા રાઘવને ફરી,<br>પણ સુખ ન મળ્યું લગાર તું તો કાયમ દુઃખણી કાગડા |
| સંત સપૂત ને તુંબડા એ ત્રણેયનો એક સ્વભાવ,<br>ઈ તારે પણ ડુબાડે નહિ એને તાર્યા ઉપર ભાવ. | રામ નામથી સહુ વધે બળથી વધે નહિં કોઈ,<br>બળ કરી રાજા રાવણ વધ્યો એણે પળમાં લંકા ખોઈ. |
| માનવ કહે હું કરું પણ કરતલ દુજો કોઈ,<br>આદર્યા અધવચ્ચે રહે મારો હરિ કરે તે હોય. | રામ નામની ઝૂંપડી અને પાપીના ભલે હોય દશ ગામ,<br>આગ લગાવો ઉસ ગાંવમેં કે જયાં નથી રામનું નામ. |
| રામ રામ રટતે રહો ધરી રાખો મનમાં ધીર,<br>કોક દીન કાજ સુધારશે મારો કૃપા સિંધુ રઘુવીર. | |
| | |
| | |
| | |
| | |

## રાસ,ગરબા,

## રાસ

### મથુરામાં ખેલ ખેલી આવ્યા

મથુરામાં ખેલ ખેલી આવ્યા હો કાન કયાં રમી આવ્યા
પગના તે ઝાંઝર કયાં મુકી આવ્યા
સાંકળા તે કોના ચોરી આવ્યા હો કાન .........
માથાનો મુગટ કયાં મુકી આવ્યા
વેણી તે કોની ચોરી લાવ્યાં હો કાન ..........
પીળું પિતાંબર કયાં મુકી આવ્યાં
સાડી તે કોની ચોરી લાવ્યા હો કાન ..........
કાનના તે કુંડળ કયાં મુકી આવ્યા
કડિયું તે કોની ચોરી લાવ્યા હો કાન ..........

### આશા ભર્યારે અમે આવ્યા

આશા ભર્યારે અમે આવ્યાને મારે વાલે રમાડયા રાસરે
આવેલ આશાભર્યા
શરદપૂનમની રાતડીને કાંઈ ચાંદો ચડયો છે આકાશરે આવેલ.....
વૃંદા તે વનના ચોકમાં કાંઈ નાચે છે નટવરલાલરે આવેલ.........
જાતાને વળતાં થંભીયા ઓલ્યા નદિયું કેરા નીર રે આવેલ....
અષ્ટકૂળ પર્વત ડોલિયાને ઓલ્યા નવકૂળ નાગરે આવેલ.....
જોતા નરસૈયાના સ્વામી શામળિયા સદા રાખો ચરણોની પાસ રે
આવેલ આશાભર્યા

### નાગર નંદજીના લાલ

નાગર નંદજીના લાલ,નાગર નંદજીના લાલ
રાસ રમતાં મારી નથણી ખોવાણી
કાના જડી હોયતો આપ,કાના જડી હોયતો આપ,રાસ... નાગર.
પીળી–પીળી નથણીને ધાળા–ધોળા મોતી,
તે નથણીને કારણ હું તો દોડું ગોકુળ જોતી–જોતી,નાગર...
એક–એક મોતીમાં ભર્યા સોના કેરા તારા,
સોળસો ગોપીઓમાં એમાં પ્રભુ રાખ્યો મારો,નાગર...
નાનેરી પહેરું તો મારે નાકે નવ સોહાય,
મોટેરી પહેરું તો મારું મુખ ઝોલા ખાય,નાગર....
આંબા ઉપર કોયલ બોલે,વનમાં બોલે મોર,
રાધાજીની નથણીનો શામળિયા છે ચોર, નાગર

### કાનુડે કવરાવ્યા

કાનુડે કવરાવ્યા ગોકુળિયામાં કાનુડે કવરાવ્યા
સુતેલા બાળ મારે વાલે જગાડયા
એ એણે રમતાંને રોવડાવ્યારે ગોકુડિયામાં............
સિકેથી મહીડા મારા વાલાએ ઉતાર્યા
એ એણે ખાધા થોડાને ઝાઝાં ઢોડયા રે ગોકુડિયામાં........
ખીલેથી વાછરું મારે વાલાજીએ છોડયાં
એ એણે વણદોયાને ધવરાવ્યા રે ગોકુડિયામાં............
પરસોતમદાસ વાલા પ્રાણ અમારા
એ હાલો તમે જીત્યાને અમે આર્યારે ગોકુડિયામાં ........

### વા વાયાને વાદળ ઉમટયા

વા વાયાને વાદળ ઉમટયા
ગોકુળમાં ટહુકયા મોર મળવા આવો સુંદિરવર શામળિયા
તમે મળવા તે ના'વો શા માટે
તમે છો રે સદાયના ચોર મળવા આવો સુંદિરવર શામળિયા
તમે ગોકુળમાં ગોધણ ચારતાં
તમે ભરવાડના ભાણેજ મળવા આવો સુંદિરવર શામળિયા
મે'તા નરસૈયાનાં સ્વામી શામળિયા
અમને તેડી રમાડયાં રાસ મળવા આવો સુંદિરવર શામળિયા

### મારું વનરાવન છે રૂડું

મારું વનરાવન છે રૂડું ,વૈકુંઠ નહી રે આવું
એ....ત્યાં હું નંદકુંવર કયાંથી લાવું
નંદજીના લાલ રે....વૈકુંઠ નહીં રે.........
એ..... નહીં આવું હો નંદજીના લાલ રે........
બેસીને રહેવું મારે ટગ ટગ જોવું,
એ....મારે ખાવું નહી,નહીપીવું....વૈકુંઠ.........
વૈકુંઠ વાસી મારે છે અતિ કુડા,
એ....મારે વ્રજના વાસી છે રૂડાં.....વૈકુંઠ.........
મેં'તો નરસૈંયાનો સ્વામી શામળિયો,
એ.....તમે સાંભળો સારંગપાણી.....નંદજીના......
મારું વનરાવન છે રૂડું ,વૈકુંઠ નહી રે આવું

http://PDFSeva.com

## ઝમકે ઝાંઝરને

ઝમકે ઝાંઝરને ઝમકે ઝાંઝરી
ઝમકે છે કાંઈ ચાંદો સૂરજ સાથ જો,
રમવા આવોને ખોડલ માવડી રે લોલ.
હરખે વધાવવા અમે હાલીયા રે લોલ,
ભાવે ભર્યો મોતીડાનો થાળ જો, રમવા આવોને.....
રમે વવારૂ રમે દિકરી રે લોલ
ગાય છે મારા ખોડલમાંના ગીત જો, રમવા આવોને.......
દુઃખીયા દોડી દ્વારે આવતા રે લોલ,
માટેલવાળી દયા કરે માતજો, રમવા આવોને.......
વાંઝીયા આવીને માડી વિનવે રે લોલ,
આપો માડી ખોડો ખુંદનારજો,રમવા આવોને.....

## માં અંબા તે રમવા નિસર્યા

માં અંબા તે રમવા નિસર્યા દેવી અન્નપુર્ણા,
માં એ સોળે સજયા સણગાર,દેવી અન્નપુર્ણા,
માંને લલાટે ટીલડી શોભતી માં,દેવી અન્નપુર્ણા,
માં દામણી રત્ન જડાવ ,દેવી અન્નપુર્ણા,
માં કાને કરેણ ફુલ શોભતા,દેવી અન્નપુર્ણા,
માં ઝાંઝરનો ઝણકાર,દેવી અન્નપુર્ણા,
માં કાંડે તે ચૂડલો હેમનો ,દેવી અન્નપુર્ણા,
માં કંઠીએ રત્ન જડાવ,દેવી અન્નપુર્ણા,
માં બાંએ બાજુબંધ બેરખાં,દેવી અન્નપુર્ણા,
માંને દશે આંગડીએ વેઢ,દેવી અન્નપુર્ણા,
માંને લીલાતે ગજનું કાપડું,દેવી અન્નપુર્ણા,
માંએ વાળેલ રાતી કોર,દેવી અન્નપુર્ણા,
માં પગે તે કડલા શોભતાં,દેવી અન્નપુર્ણા,
માં કાંબીએ રત્ન જડાવ ,દેવી અન્નપુર્ણા,
માં ગાયે અને જે સાંભરેદેવી અન્નપુર્ણા,
તેની અંબા પુરે આશ ,દેવી અન્નપુર્ણા,

## ટહુકા કરતો જાય

ટહુકા કરતો જાય મોરલિયો ટહુકા કરતો જાય,
પહેલે ટહુકે ઊડીને આવ્યો મારી અંબામાંને દ્વાર
અંબા માંને લઈને તું તો આવજે આપણે દ્વાર.મોરલિયો....
બીજે ટહુકે ઊડીને આવ્યો મારી ચામુંડામાંને દ્વાર
ચામુંડા માંને લઈને તું તો આવજે આપણે દ્વાર.મોરલિયો....
તીજે ટહુકે ઊડીને આવ્યો મારી બહુચરમાંને દ્વાર
બહુચર માંને લઈને તું તો આવજે આપણે દ્વાર.મોરલિયો....
ચોથે ટહુકે ઊડીને આવ્યો મારી ખોડીયારમાંને દ્વાર
ખોડીયાર માંને લઈને તું તો આવજે આપણે દ્વાર.મોરલિયો....
પાંચમે ટહુકે ઊડીને આવ્યો મારી હરસિદ્ધિમાંને દ્વાર
હરસિદ્ધિ માંને લઈને તું તો આવજે આપણે દ્વાર.મોરલિયો....

## શંખલપુર શોહામણું

શંખલપુર શોહામણું રે,ત્યાં છે તમારો વાસ,
મારી બહુચરા....
દીવા બળે છે માડી ઘી તણા રે,
આઠે પહોર અજવાશ ,મારી બહુચરા.....
આંધળા આવે છે પોકારતા રે,
આવે છે માતાની પાસ ,મારી બહુચરા.....
આપોને મૈયા નિરખવા રે,
હસતા–હસતા રમતા જાય, મારી બહુચરા....
વાંઝીયા આવે પોકારતા રે,આવે માજીની પાસ,મારી....
પુત્ર આપો મૈયા પારણે રે,ગુણ તમારા ગાય,મારી.....

## ઝીણાં ઢોલ વાગે માં

ઝીણાં ઢોલ વાગે માં ચાચરના ચોકમાં,
ચાચરના ચાકમાં શંખલપુર ધામમાં, ઝીણાં.........
ગરબે રમીશું અમે ચોટીલા ધામમાં,
ચોટીલા ધામમાં ચામુંડાના સાથમાં, ઝીણા............
અંતના ભાવથી માં લઈશું ઓવારણા,
લઈશું ઓવારણા માં લેજો સંભારણા, ઝીણા.........
મનના મંદિરીયામાં ધૂન છે માં તારી,
ધૂન છે તારી માં મમતા છે તારી, ઝીણા...........
અંતરના હેતથી ગરબા ગવાય માં,
ગરબા ગવાય માં બહુચરના સાથમાં, ઝીણા........
હૈયાના હેતથી માં લેજો સંભાળી,
લેજો સંભાળી માં રહેજો રખેવાળી,ઝીણા........

## ઘોર અંધારી રે

ઘોર અંધારી રે રાતલડીના નિસર્યા ચાર અસવાર
લીલે ઘોડલેરે કોણ ચડેમાં રાંદલનો અસવાર
ઘોર અંધારી રે
રાંદલ માવડી રે ઘોડે ચડયા માં સોળે સજી શણગાર
રમજો રમજો રે ગોરણીયું તમે રમજો સારી રાત
ઘોર અંધારી રે
ધોરે ઘોડલેરે કોણ ચડેમાં બહુચરનો અસવાર
બહુચર માવડી રે ઘોડે ચડયા માં સોળે સજી શણગાર
સવા મણનું રે સુખલડું માં અધમણની કુલેર
રમજો રમજો રે ગોરણીયું તમે રમજો સારી રાત
ઘોર અંધારી રે

http://PDFSeva.com

## હાં રે દાણ માંગે

હાં રે દાણ માંગે કાનો દાણ માંગે
હાં રે દાણ માંગે ધૂતારો દાણ માંગે
હાં રે તારે મોરલી માં વેણુનાદ વાગે કાનો....
હાં રે કાન કિયા મલકનો સૂબો
હાં રે મારા મારગ વચ્ચે ઉભો કાનો...
હાં રે કાન કિયા મલકનો ધણી
હાં રે મારી નવરંગ ચુંદડી તાણી કાનો...
હાં રે કાન કિયા મલકનો મહેતો
હાં રે મારા મારગ વચ્ચે રહેતો કાનો...
હાં રે કાન નથી સાકર નથી મેવા
હાં રે ખાટી છાશમાં શું આવ્યો લેવા કાનો.....
હાં રે મહેતા નરસૈયાના સ્વામી મુરારી
હાં રે તમે લુંટો માં દોડશો રે.... કાનો.....

## સાચી રે મારી સતરે ભવાની માં

સાચી રે મારી સતરે ભવાની માં એબા ભવાની માં
હું તો તારી સેવા કરીશ મૈયા લાલ
નવ નવ રાતના નોરતાં કરીશ માં પુજાઓ કરીશ માં
વિરાટનો ગરબો તારો ઝીલીશ મૈયા લાલ
સારા જગમાં ખૂણા ખૂણાએ અવતાર રે
તોયે તુજથી જુદા પડીએ દુઃખીઓનો નહિં પાર
એ સૌની સેવાને તારી સેવા ગણીશમાં પુજામાં ગણીશમાં હું તો...
જગત જનની માં જગદંબે તું સર્વ કોઈની માતરે
સંસારે સંભારીએ સનાતન અમે દિનરાત રે
તારા જેવી માત થવાને આશિષો હું લઈશ માં
એજ સ્વરૂપે જઈશમાં વિરાટનો ગરબો તારો ઝીલીશ મૈયા લાલ
સાચી રે મારી સતરે ભવાની માં એબા ભવાની માં

## ખોડિયાર છે જોગમાયા

ખોડિયાર છે જોગમાયા મામડિયાની ખોડિયાર છે જોગમાયા
રંકને શ્રીમંત માંને રે નમતા
નમાવ્યા રે મોટાં મોટાંને રે મામડિયાની ખોડિયાર............
વાંઝિયા માં તારા દ્વારે આવતાં
વાંઝિયાને પારણાં બંધાવ્યા મામડિયાની ખોડિયાર...........
સોળે આભૂષણ અંગે ધરીને
માડી ગરબે રમવાને હાલ્યા રે મામડિયાની ખોડિયાર.........
મગર ઉપર સવાર થઈને
એ તો ભકતોને ઉગારવાને હાલ્યા રે મામડિયાની ખોડિયાર...
તારા બાળક માં તારા ભરોસે
એવી બાળ ઉપર તારી છાપર મામડિયાની ખોડિયાર.......

## સોનલ ગરબો શિરે

સોનલ ગરબો શિરે અંબે માં આલો ધીરે ધીરે
સખીઓ સંગાથે કેવા શોભે છે.
હે...માં...હે....માં.....હે....માં....
સખીઓ સંગાથે કેવા રમે છે.
ફરરર ફુદરડી ફરે અંબે માં ચાલો ધીરે ધીરે
સોનલ....
સોળે શણગારે માં ની શોભા વધે છે.
સિંહ અસવારે કેવા દિપે છે.
હે...માં...હે....માં.....હે....માં....
સોળે શણગારે માં ની શોભા વધે છે.
સોનલ ગરબો શિરે

http://PDFSeva.com

# લોકગીત

## નટવર નાનો રે

નટવર નાનો રે,કાનો રમે છે મારી કેડમાં.
ફુલ કુંવર નાનો રે ગેડી દડો કાનાના હાથમાં.
કે'તો ગોરી રે તને હાલારી હાથીડા મંગાવી દઉં,
હાથીડાનો બેસનારે કાનો રમે છે મારી કેડમાં.
કે'તો ગોરી રે તને ઘોઘાના ઘોડલા મંગાવી દઉં,
ઘોડલાનો બેસનાર રે કાનો રમે છે મારી કેડમાં.
કે'તો ગોરી રે તને ખંભાતી ધોતિયા મંગાવી દઉં,
ધોતિયાનો પે'રનાર રે કાનો રમે છે મારી કેડમાં.
કે'તો ગોરી રે તને ટીકરની ટીલડી મંગાવી દઉં,
ટીલડીનો ઓરનાર રે કાનો રમે છે મારી કેડમાં.

## કાંકરીના માર્યા

કાંકરીના માર્યા કદી ન મરીએ,
મેણાંના માર્યા મરીએ વાલીડા, નેણો લગાડયો તમ સાથે રે.
કે રસિયે વાડી રોપાવી સવિંગની રે,
લવિંગ વીણવા જઈએ વાલીડા,નેણો લગાડયો તમ સાથે રે.
કે રસીએ વાડી રોપાવી એલચીની રે,
અલચી વીણવા જઈએ વાલીડા,નેણો લગાડયો તમ સાથે રે.
કે રસીએ વાડી રોપાવી સોપારીની રે,
સોપારી વિણવાને જઈએ વાલીડા,બે નેણો લગાડયો તમ સાથે રે.

## હું તો ઢોલે રમુંને

હું તો ઢોલે રમુંને હરિ સાંભરે રે,
મારા ઢોલડિયા ઢળી ઢળી જાય રાજ...ઢોલે રમુંને
હું તો દાતણ કરુંને હરિ સાંભરે રે,
મારા દાતણિયા પડી પડી જાય રાજ....ઢોલે રમુંને..
હું તો નાવણ કરુંને હરિ સાંભરે રે,
મારા નાવણિયા લળી લળી જાય રાજ...ઢોલે રમુંને.
હું તો ભોજન કરુંને હરિ સાંભરે રે,
મારા ભોજનીયા ઢળી ઢળી જાય રાજ...ઢોલે રમુંને..
હું તો પોઢણ કરુંને હરિ સાંભરે રે,
મારા પોઢણિયા ઢળી ઢળી જાય રાજ...ઢોલે રમુંને.

## ઝીણાં મોર બોલે

ઝીણાં મોર બોલે આ લીલી નાઘેરમાં
લીલી નાઘેરમાં હરિ વનરાઈમાં, ઝીણાં...
ઉતારા કરોને આજ લીલી નાઘેરમાં,
દેશું દેશું મેડીના મોલરાજ. ઝીણાં....
દાતણ કરોને આજ લીલી નાઘેરમાં,
દેશું દેશું કરણની કાંબ રાજ, ઝીણાં...
ભોજન કરોને આજ લીલી નાઘેરમાં,
દેશું દેશું કઢિયેલાં દૂધ રાજ,ઝીણાં...
નાવણ કરોને આજ લીલી નાઘેરમાં,
દેશું દેશું જમુનાના નીર રાજ,ઝીણાં...

## શેરી વળાવી સજજ કરું

શેરી વળાવી સજજ કરું ઘેર આવોને
આંગણિયે પથરાવું ફુલ હરિ ઘેર આવોને
ઉતારા દેશું ઓરડા ઘેર આવોને
તમને દેશું મેડીના મોલ હરિ ઘેર આવોને
ભોજન દેશું લાપસી ઘેર આવોને
તમને દેશું સાકરીયા કંસાર હરિ ઘેર આવોને
મુખવાસ દેશું એલચી ઘેર આવોને
તમને પાન બીડાં પચાસ હરિ ઘેર આવોને
પોઢણ દેશું ઢોલીયા ઘેર આવોને
દેશું દેશું હિંડોળા ખાટ હરિ ઘેર આવોને

## સોના ઈંઢોણી

સોના ઈંઢોણી રૂપા બેડલું રે,નાગર ઉભા રહો રંગરસિયા,
પાણીલા ગઈતી તળાવ રે,નાગર ઉભા રહો રંગરસિયા.
કાંઠે તે કાન ઘોળા ખેલવે રે,નાગર ઉભા રહો રંગરસિયા.
કાન મને ઘડુલો ચડાવ રે,નાગર ઉભા રહો રંગરસિયા.
તું છે ગોવાલણી નાર રે,નાગર ઉભા રહો રંગરસિયા.
કેડ મરડીને ઘડો ઉંચકયો રે,નાગર ઉભા રહો રંગરસિયા.
ફાટી મારા કમખાની કોર રે,નાગર ઉભા રહો રંગરસિયા.
ઓરે દરજીડાં વિરા વિનવું રે,નાગર ઉભા રહો રંગરસિયા.
ટાંક મારા કમખાની કોર રે,નાગર ઉભા રહો રંગરસિયા.

http://PDFSeva.com

## હો રાજ રે વાવડીનાં

હો રાજ રે વાવડીનાં પાણી ભરવા ગ્યાતાં,મને કેડ કાંટો વાગ્યો.(૨)
હો રાજ રે વડોદરાના વૈદડા તેડાવો,મારા કાંટલીયા કઢાવો,
મને પાટડીયા બંધાવો,મને કેડ કાંટો વાગ્યો..(૨)
હો રાજ રે ધોરાજીનાઢોલીયા મંગાવો,મોટાં પાથરણાં પથરાવો,
આડાં પડદા બંધાવો,મને કેડ કાંટો વાગ્યો...(૨)
હો રાજ રે આંગણિયાની ગાવલડી કઢાવો,
એના વેલણાંને લાગી,મને કેડ કાંટો વાગ્યો...(૨)
હો રાજ રે સસરાજીએ ચોવટ કરવા મેલો,
મને ઘુંઘટડા કઢાવો,મને કેડ કાંટો વાગ્યો...(૨)
હો રાજ રે નણંદલીને સાસરિયે વળાવો,
એના છોકરાંઓને બોલાવો મને કેડ કાંટો વાગ્યો...(૨)
હો રાજ રે ફળિયામાંથી પાડોશીને કાઢો,
એના રેટડીયાની સાથે,મને કેડ કાંટો વાગ્યો...(૨)

## આપણાં મલકમાં

આપણાં મલકમાં માયાળુ માનવી,
માયા મેલીને મરી જાશું મારા મે'રબાન,હાલોને આપણાં મલકમાં
આપણાં મલકમાં દાતણ દાડમી,
દાતણીયા કરી ઘોડે ચડજો મારા મે'રબાન,હાલોને...
આપણાં મલકમાં ભોજન લાપસી,
ભોજનીયા કરી ઘોડે ચડજો મારાં મે'રબાન,હાલોને....
આપણાં મલકમાં સુવાને ઢોલીયા,
પોઢણીયા કરી ઘોડે ચડજો મારા મે'રબાન,હાલોને...

## અમે મહિયારા રે

અમે મહિયારા રે ગોકુળ ગામના
હારે મહિ વેચવાને ગ્યાતાં મહિયારા રે..ગોકુળ ગામના..
મથુરાની વાટે મહિ વેચવાને નીસરી,
નટવર ને નંદ કિશોર માંગે છે દાણજી,
મારે દાણ લેવાને દેવા મહિયારા રે ,ગોકુળ ગામના..
મારે સાસરિયે આવતા ને જાતા,
મને મેલ્યાછે સાસરિયાના મારગે,
માવજી જશોદા કાનજીને વારો,
દુઃખડા દીયે હજાર નંદજીનો લાલો,
હાં રે મારે દુઃખડા સહેવા મહિયારા રે ગોકુળ ગામના,
ખારા સમદરિયામાં મીઠી એક વીરડી.
હે એમાં પાણી ભરે છે પનિહારી,
જમનાને તીરે કાનો ઉંઘથી જગાડતો,
મારે દાણ લેવાને દેવા મહિયારા રે ,ગોકુળ ગામના..

## તમે કિયાતે ગામના

તમે કિયાતે ગામના ગોરી રાજ,
અચકો મચકો કાં એલી.
અમે મુંબઈ ગામના ગોરી રાજ,અચકો...
તમે દલડાં લીધા ચોરી રાજ. અચકો...
આવો આવો ચીત ભેરી હો રાજ , અચકો....
તમે કેટલાં ભાઈ કુંવારા રાજ, અચકો....
અમે સાતે ભાઈ કુંવારા રાજ, અચકો....

http://PDFSeva.com

# દેશભક્તિ ગીત

## મેરા મુલ્ક મેરા દેશ

મેરા મુલ્ક મેરા દેશ મેરા યે વતન,
શાંતિ કા ઉન્નતિ કા પ્યાર કા ચમન.
ઈસકે વાસતે નિસાર હૈ,મેરા તન મેરા મન,
એ વતન..એ વતન..એ વતન..જાને મન જાને મન જાને મન મેરા..
ઈસકી મિટ્ટી સે બને તેરે મેરે યે બદન,
ઈસકી ધરતી તેરે મેરે વાસ્તે ગગન,
ઈસને હી શિખાયા હમકો જીનેકા જલન,
ઈસકે...એ વતન...જાને મન... મેરા....
અપને ઈસ ચમન કો સ્વર્ગ હમ બનાયેંગે,
કોના કોના અપને દેશ કા સજાયેંગે,
જસ્ન હોગા જિંદગી કા હોંગે સબ મગન.(૨)
ઈસકે...એ વતન...જાને મન... મેરા....

## અપની આઝાદી કો

અપની આઝાદી કો હમ હરગિઝ મીટા સકતેં નહીં,
સર કટા સકતે હૈ લેકિન સર ઝુકા સકતે નહીં
હમને સદિયો મેં યે આઝાદી કી નૈમત પાઈ હૈ,
સેંકડો કુરબાનિયા દેકર યે દોલત પાઈ હૈ,
મુસ્કુરાકર ખાઈ હૈ સીને પે હમને ગોલિયા
કિતને વિરાનો સે ગુજરે હૈ તો જન્નત પાઈ હૈ,
ખાક મેં હમ અપની ઈજ્જત મિલા સકતે નહીં. અપની...
કયા ચલેગી જુલ્મ અહલે વફા કે સામને,
આ નહિં સકતા કોઈ શોલાં હવા કે સામને,
લાખ ફૌજે લેકે આયે અમન કા દુશ્મન કોઈ,
રુક નહીં સકતા કોઈ શોલા હવા કે સામને,
રુક નહીં સકતા કોઈ હમારી એકતા કે સામને.
હમ વો પથ્થર હૈ જિસે દુશ્મન હિલા સકતે નહીં, અપની...
હમ વતન કે નૌજવાં હૈ હમસે જો ટકરાયેગા,
વો હમારી ઠોકરોંમે ખાકમેં મિલ જાયેગા,
વકત કે તુફાન મેં બહ જાયેંગે જુલ્મો સિતમ,
આસમાં પર યે તિરંગા ઉમ્ર ભર લહરાયેગા.(૨)
જો સબક બાપુને સિખલાયા ભુલા સકતે નહિં. અપની...
દુશ્મનો કે હમ હૈ દુશ્મન યાર કે હમ યાર હૈ,
અપને મેં ફુલોકી ડાલી જંગ મેં તલવાર હૈ,
જિસ કીસી મેં હોંસલા હો આજમાકર દેખલે,
જિંદગી કે વાસ્તે લડને કો હમ તૈયાર હૈ,
બઢ ચૂકે હૈ જો કદમ પીછે હટ સકતેં નહીં. અપની...
યે હમારે ઉંચે પર્વત યે હમારી નદીયાં,
યે હમારી મુસ્કુરાતી લહલહાતી ખેતીયાં,
ઈન પર ડાલેગા કોઈ દુશ્મન અગર નજર બુરી,
હમતો ઉસ જાલીમ કી રખ દેંગે ઉડાકે ધજ્જિયા,
આબરું અપને વતન કી હમ ગવાંસકતે નહીં. અપની...

## હૈ પ્રિત જહાં કી રીત સદા

હૈ પ્રિત જહાં કી રીત સદા,મૈં ગીત વહાં કે ગાતા હું,
ભારત કા રહનેવાલા હું ભારતકી બાત સુનાતા હું.
હૈ પ્રિત જહાં કી રીત સદા...હાં.. હાં... હાં....હાં...
કાલે ગોરે કા ભેદ નહિં,હર દિલસે હમારા નાતા હૈ.
કુછ ઓર ન આતા હો હમકો પ્યાર નિભાના આતા હૈ.
હો જિસે માન ચૂકી સારી દુનિયા (૨)મૈં બાત યહી દોહરાતા હું.
ભારતકા...હૈ પ્રિત જહાં કી... હાં...હાં..
જીતે હૈ કિસી સે કિસીપે કયા હમને તો દિલોકો જીતા હૈ.
જહાં રામ અભિ તક હૈ નરમેં નારી મેં અભિ તક સીતા હૈ.
ઈસ સે પાવન હૈ લોગ યહાં...(૨)
મેં જાત જાત શિશ ઝુકાતા હું,ભારતકા... હૈ પ્રિત....હાં..હાં...

## સારે જહાં સે અચ્છા

સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાં હમારા,
હમ બુલબુલે હૈ ઈસકે યે ગુલસિતા હમારા, સારે જહાં...
ગુરબત મેં હો અગર તુમ રહતા હૈ દિલ વતનમેં,
સમજો વહી હમેં અગર હમ રહતા હૈ દિલ વતન મેં,
સમજો વહી હમેં ભી દિલ હો જહાં હમારા,, સારે જહાં...
પરબત વહ સબસે ઉંચા,હમ સાયા આસમાં કા,
વહ સંતરી હમારા વહ પાંસબા હમારા. સારે જહાં...
ગોદી મેં ખેલતી હૈ જિસકી હજારો નદીયાં,
ગુલશન હૈ જિસકે દમ સે રશ્કે જીના હમારા, સારે જહાં....
અબ આબરૂ દે ગંગા વહ દિન હૈ યાદ તુજકો,
ઉતરા તેરે કિનારે જબ કારવા હમારા, સારે જહાં...
મઝહબ નહિં સિખાતા આપસમેં બૈર રખના,
હિન્દી હૈ હમ વતન હૈ હિન્દુસ્તાં હમારા, સારે જહાં....
યુનાનો મિસ્ર રોમ સબ મિટ ગયે જહાં સે,
અબ તક મગર હૈ બાકી નામો નિશાં હમારા, સારે જહાં....
કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી,
સદીયોં રહા હૈ દુશ્મન દૌરે જમા હમારા, સારે જહાં.....
ઈકબાલ કોઈ મહરમ અપના નહીં જહાં મેં,
માલુમ કયા કિસી કો દર્દ નિહાં હમારા. સારે જહાં.....

## જિસ દેશમેં ગંગા બહતી હૈ

હોઠોંપે સચ્ચાઈ રહતી હૈ જહાં દિલ મેં સફાઈ રહતી હૈ,
હમ ઉસ દેશ કે વાસી હૈ, જિસ દેશમેં ગંગા બહતી હૈ.
મહેમાં જો હમારા હોતા હૈ વો જાનસે પ્યારા હોતા હૈ,
જયાદા કી નહીં લાલચ હમકો થોડેમેં ગુજારા હોતા હૈ,
બચ્ચોં કે લિયે જો ધરતી માં સદિયોંસે સભી કુછ સહતી હૈ. હમ ઉસ..
કુછ લોગ જયાદા જાનતે હૈ ઈન્સાફકો હમ પહચાનતે હૈ,
યે પૂરબ હૈ પૂરબવાલે હર જાનકી કિંમત જાનતે હૈ,
મિલ ઝૂલકે રહો ઔર પ્યાર કરો એક ચીજ યહી જો રહતી હૈ.હમ...
જો જિસસે મિલા શિખા હમને ગૈરો કો ભી અપનાયા હમને,
મતલબ કે લિયે અંધે હોકર રોટી કો નહિ પુજા હમને,
અબ હમ તો કયા સારી દુનિયા સારી દુનિયા સે કહતી હૈ. હમ ઉસ...

http://PDFSeva.com

## નૌ જવાનો ભારતકી તકદીર બનાદો

નૌ જવાનો ભારતકી તકદીર બનાદો,
ફુલો કે ઈસ ગુલશન સે કાંટો કો હટા દો, નૌ જવાનો....
તોડ દે સારે જાલ વિદેશી કરલો દેશ કો અપના,
રહ જાયેના દેખો અધુરા કોઈ સુંદર સપના,
ઘર મેં આગ લગાએ જો દિપક ઉસકા બુઝાદો, ફુલો કે ઈસ...
હમ ભારત કે વાસી કયોં હો દુનિયામેં શર્મિંદા,
દેશ કે કારણ મૌત ભી આયે ફિરભી રહેંગે જિંદા,
જય જય હિન્દ કે નારો સે ધરતી કો હિલા દો, ફુલો કે ઈસ...
અપને સાથ હે કૈસે બલવાનો કી શકિત,
વીર જવાહરલાલ કી હિંમત બાપુજીકી ભકિત,
દેશ કા ઝંડા જગમેં ઉંચા કર કે દિખલાદો, ફુલો કે ઈસ...
નૌ જવાનો ....નૌ જવાનો.....નૌ જવાનો.....

## હમ હોંગે કામિયાબ

હમ હોંગે કામિયાબ,હમ હોંગે કામિયાબ એક દિન,
હો....હો....હો....મનમેં હે વિશ્વાસ,પુરા હે વિશ્વાસ,
હમ હોંગે કામિયાબ એક દિન,
હમ ચલેંગે સાથ સાથ,લે કે હાથોંમેં હાથ,
હો....હો...હો.... મનમેં હે વિશ્વાસ ,પુરા હે વિશ્વાસ,
હમ હોંગે કામિયાબ એક દિન.
હોગી શાંતિ ચારો ઓર,હોગી શાંતિ ચારો ઓર,
હો....હો...હો.... મનમેં હે વિશ્વાસ ,પુરા હે વિશ્વાસ,
હમ હોંગે કામિયાબ એક દિન.

## છોડો કલકી બાતે

છોડો કલકી બાતે કલકી બાત પુરાની,
નયે દૌર મેં લિખેંગે મિલકર નઈ કહાની, હમ હિન્દુસ્તાની...(૨)
આજ પુરાની ઝંજીરો કો તોડ ચુકે હે,
કયું દેખે ઉસ મંઝિલ કો જો છોડ ચૂકે હે,
ચાંદ કે દર પે યે જા પહુંચા હે આજ જમાના,
નયે જગત સે હમ નાતા જોડ ચૂકે હે,
નયા ખુન હે નઈ ઉમંગ અબ હે નઈ જવાની, હમ હિન્દુસ્તાની.(૨)
હમ કો કિતને તાજમહલ હે ઔર બનાને,
કિતને હી અજન્તા હમકો ઔર સજાને,
અભી પલટના હે સબ દરિયોં કો,
કિતને પર્વત રહો સે હે આજ હટાને,
નયા ખુન હે નઈ ઉમંગ અબ હે નઈ જવાની, હમ હિન્દુસ્તાની.(૨)

## ડંકો વાગ્યો લડવૈયા

ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે,
શૂરા જાગજો રે,કાયર ભાગજો રે, ડંકો વાગ્યો...
માથું મેલો સાચવવા સામી ટેકને રે,
સામી ટેકને રે ,સામી ટેકને રે, માથું મેલો....
તોડી પાડો સરકારી જુલ્મી કાયદા રે,(૨) તોડી પાડો....
ભારત મુકિતને કાજે કાયા હોમજો રે,
કાયા હોમજો રે,કાયા હોમજો રે,

http://PDFSeva.com

# <u>કહેવતો</u>

:~> મોરનાં ઈંડાંને ચીતરવાં ન પડે - સાચી વસ્તુને જાહેરાતની જરૂર નથી હોતી.

:~> મોર વગડામાં નાચ્યો કોણે જાણ્યો ! - સાચી સાબિતીનો અભાવ.

:~> ભેંસ આગળ ભાગવત - અણસમજુને ઉપદેશ આપવો નકામો.

:~> તેજીને ટકોરાને ગધેડાને ડફણાં - બુદ્ધિશાળી સંકેતથી સમજે ને મૂર્ખ માટે માથાફૂટ કરવી પડે છે.

:~> કીડીને કણ ને હાથીને મણ - જેટલી જેની જરૂરિયાત તે પ્રમાણે મળી રહે છે.

:~> ભસતાં કૂતરાં ભાગ્યે જ કરડે - લાંબી લાંબી વાતો કરનારથી કંઇ થઇ શકતું નથી.

:~> કાગડો ઊડે તે જગ દેખે - ખરાબ કાર્યની પ્રસિદ્ધિ જલદી પ્રસરી જાય છે.

:~> કાગને બેસવું ને ડાળને ભાંગવું - કાર્ય નિયતિ મુજબ થવાનું હોય છતા બહાનારૂપ થવું.

:~> કીધે કુંભાર ગધેડે ન ચડે - માણસને ઘણું સમજાવવા છતાં યોગ્ય વસ્તુ ન સમજે.

:~> વાંદરો ઘરડો થાય પણ ઠેકડા મારવાનું ન ભૂલે - માણસની વય બદલે પણ લક્ષણોમાં ખાસ બદલાવ ન આવે.

:~> પટેલની ઘોડી પાદર સુધી ~ મર્યાદિત વિસ્તારમાં જ શક્તિમાન હોવું.

:~> નાનું પણ નાગનું બચ્ચું ~ ઉંમર કે કદ નાનું પણ શક્તિ વધું.

:~> ગામનું કૂતરુ પણ વ્હાલું ~ પોતાના ગામની વસ્તુ પ્રત્યે સ્નેહભાવ.

:~> ઊંટના અઢારેય વાંકાં ~ બધાં જ અપલક્ષણો હોવાં.

:~> દુઝણી ગાયની લાત પણ સારી ~ ફાયદો કરાવનારના દોષ પણ સહી લેવા.

:~> ગરજે ગધેડાને બાપ કહેવો પડે ~ ગરજ હોય ત્યારે અયોગ્ય વ્યક્તિને પણ માન આપવું પડે.

:~> લાકડી ભાંગે નહિ ને સાપ મરી જાય ~ નુકસાન વગર કામ થઇ જાય.

:~> ઘરકી મુર્ગી દાલ કે બરાબર ~ ઘરની વ્યક્તિની કોઇ કદર કરતુ નથી.

:~> સિંહનાં ટોળાં ન હોય ~ બહાદુર માણસ એકલો જ હોય છે.

:~> તમારે કૂકડે સવાર ~ તમે જેમ કહો તેમ.

:~> છછુંદરનાં છયે સરખાં ~ એકેયમાં સારો ગુણ ન હોવો.

:~> પાડાને વાંકે પખાલીને ડામ ~ વાંક કોઇનો ને સજા બીજાને.

:~> ઊંટે કાઢ્યા ઢેકા તો માણસે કર્યા કાંઠલા ~ પ્રતિકૂળતાને નિરખવા માટે યુક્તિ કરવી.

:~> કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં ~ શેઠ કરતાં વાણોતર માથું મારે.

:~> કૂતરાંનો સંઘ કાશીએ ન પહોંચે ~ લડાઇ કરનારા કદી સફળતા ન મેળવી શકે. :

:~> ગાયને દોહીને કૂતરાને પાવું ~ મહેનતથી મેળવેલું વેડફી નાખવું.

:~> ઘરડી ઘોડી ને લાલ લગામ ~ ઘરડે ઘડપણ શોખ હોવા.

:~> ઘાણીનો બળદ ઠેર ના ઠેર ~ વૈતરુ કરનાર ઊંચે ન આવે.

:~> ચકલી નાની ને ફેડકો મોટો ~ ગજા ઉપરાંતની વાત કરવી.

:~> ધરમની ગાયના દાંત ના જોવાય ~ મફત મેળવેલી વસ્તુઓનો દોષ ન જોવાય.

:~> બકરું કાઢતા ઊંટ પેસે ~ નાનું વિઘ્ન દૂર કરવા જતાં મોટું વિઘ્ન આવી પડે.

**_http://PDFSeva.com_**

:~> મારવો તો મીર ને હણવો તો હાથી ~ લાભ મેળવવો હોય તો પછી મોટો જ મેળવાય.
:~> મેરી બિલ્લી મુજ કો મ્યાઉં ~ જેને આશરો આપ્યો હોય તે જ બેવફાઇ કરે.
:~> વાંદરો કૂદે ખીલાના જોરે ~ માણસ મોટે ભાગે બીજાની મદદથી જ જોર કરતો હોય છે.
:~> ઊંટ મરે ત્યારે મારવાડ સામે જુએ ~ જેનું દિલ જ્યાં લાગેલું હોય તેનું સ્મરણ થાય.
:~> ઊંટ મેલે આકડો ને બકરી મેલે કાંકરો ~ બધા તમામ વસ્તુ ન ખાય એક વસ્તુ તો છોડે જ.
:~> કાગડાનું શ્રાદ્ધ સોળે દહાડા ~ સ્વમાન વગર જીવનારને બધા દિલસો સરખા હોય છે.
:~> ઊંટ મેલે આકડો ને બકરી મેલે કાંકરો ~ બધા તમામ વસ્તુ ન ખાય એક વસ્તુ તો છોડે જ.
:~> કાગડાનું શ્રાદ્ધ સોળે દહાડા ~ સ્વમાન વગર જીવનારને બધા દિલસો સરખા હોય છે.
:~> કૂકડીનું મોં ઢેફલેથી રાજી ~ નાના માણસોને થોડેથી સંતોષી શકાય.
* અભિમાન રાજા રાવણનુંય રહ્યું નથી.
~> ગંજીનો કૂતરો ખાય નહિ કે ખાવા દે નહિ ~ અદેખો સ્વભાવ.
* અક્કરમીનો પડિયો કાણો. (જેનાં નસીબ વાંકા હોય તેના હાથમાં સાધન પણ એવાં જ આવે છે બિચારાનુ કોઈ કામ થાય જ નહી.)
:~> ઘો મારવાની થાય ત્યારે અવળા વાડે જાય ~ વિનાશ થવાનો હોય ત્યારે અવળી બુદ્ધિ સુઝે.
* અધુરો ઘડો છલકાય ઘણો.
* અપના હાથ જગન્નાથ.
* અંતે ધર્મો જય, પાપો ક્ષય.
* અન્ન તેનું પૂણ્ય અને રાંધનારીને ધૂમાડો.
* અન્ન એવો ઓડકાર.
* અતિની ગતિ નહીં.
* અક્કલ ઉધાર ન મળે.
* અક્કલનો ઓથમીર મંગાવી ભાજી તો લાવ્યો કોથમીર.
* આપત્તિ તો કસોટી છે.
* આપ્યું વાણીએ ને ખાધું પ્રાણીએ.
* આપ ભલા તો જગ ભલા.
* આપશો તેવું પામશો.
* આપીને માગે તેની અક્કલ જાય આઘે.
* આપવાનાં કાટલાં જુદા ને લેવાનાં જુદા.
* આપે તે સુંવાળો, ને બીજે કાખનો મુંવાળો.
* આપ મુવા વગર સ્વર્ગે ન જવાય.
* આપ સમાન બળ નહિ, ને મેઘ સમાન જળ નહિ.
* આપ મૂઆ પછી ડૂબી ગઈ દુનિયા.
* આપ સુખી તો જગ સુખી.
* આભાસથીય સરી જવાય છે, પડછાયો બની ન આવો,ઝાકળ સમ જીવી લઇશુ, સવારની ક્ષણો લઇ આવો.

http://PDFSeva.com

* આગ લાગે ત્યારે કુવો ન ખોદાય.
* આપ સમાન બળ નહિ.
* આણુ કરવા ગયો ને વહુને ભૂલી આવ્યો.
* આવડે નહી ઘેંશ ને રાઁધવા પેસ.
* આગળ ઉલાર નહી અને પાછળ ધરાર નહી
* ઈશ્વર જે કરે તે સારા કાજે.
* ઈશ્વર મોત કાંઇ પોતાને માથે લેતો નથી.
* ઈશ્વરની ઈચ્છા વગર પાંદડું પણ હલતું નથી.
* ઉકરડાને વધતાં વાર શી?
* ઉજળું એટલું દુધ નહિ.
* ઉજળે લુગડે ડાઘ બેસે.
* ઉઠ પ્હાણા પગ પર.
* ઉઠ રે વહુ વિસામો ખા હું કાંતુ ને તું દળવા જા
* ઉતર્યો અમલદાર કોડીનો.
* ઉજ્જડ ગામે એરંડો પ્રધાન.
* ઉલાળિયું કરવું ( ધંધામાં ખોટ થયાની વાત ફેલાવીને ફરાર થઈ જવુ )
* ઇશ્વર જ સર્વ શ્રેષ્ઠ છે.
* સાચાને સાચવનાર ઇશ્વર.
* ઉકલ્યો કોયડો કોડીનો ઉતાવળે આંબા ન પાકે
* કુંડુ કથરોટને ન નડે.
* કપાળે કપાળે જુદી મતિ.
* કીડીને કણ ને હાથીને મણ.
* કરમમાં ન હોય કોઠાં તો શાનાં મળે ઓઠાં.
* કડવુ ઓસડ માતા જ પાય. ( કડવી શિખામણ હિતેચ્છુ જ આપે )
* કાગા વહાલુ કુંભજળ, સ્ત્રીને વહાલી વાત, બ્રામ્હણને ભોજન ભલુ, ગદ્ધા વહાલી લાત, મુંડ મુંડાવે તીન ગુણ, મિટે સીરકી ખાજ, ખાનેકું લડ્ડુ મિલે, લોક કહે મહારાજ.
* કુતરાની પુછડી વાકી ને વાકી.
* કાગડો દહીંથરુ લઈ ગયો.
* કાચળિયું સગપણ સાચું જમણમાં લાડૂ ને સગપણમાં સાટું.
* ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તૈલી.
* કુતરુ કાઢતા બિલાડુ પેઠુ; બકરુ કાઢતા ઊંટ પેઠુ.
* કેડ માં છોકરુ ને ગામ માં ઢિંઢોરો.
* કુવામાં હોય તો હવાડા માં આવે.

http://PDFSeva.com

* કાળો અક્ષર ભેંસ બરાબર.
* કરવો હતો કંસાર અને થઇ ગઇ થુલી.
* ખાળે ડુચાને દરવાજા ઉઘાડા.
* ખેડ ખાતર ને પાણી, ધનને લાવે તાણી.
* ખાય ઇ ખમે.
* ગૉળ અંધારે ખાધો તોય ગળ્યો અને અજવાળે ખાધો તોય ગળ્યો.
* ગાજ્યાં મેઘ વરસે નહી ને ભસ્યાં કુતરાં કરડે નહી.
* ગામ હોય ત્યાં ઉકરડો હોયજ.
* ગામમાં પેસવાના ફાંફા અને પટેલને ઘેર ઊના પાણી.
* ઘોડે સ્વારી કરતો બાપ મરજો, પણ દળણા દળતી મા ન મરજો.
* ઘેર ઘેર માટીના ચૂલા.
* ઘો મરવાની થાય ત્યારે વાઘરીવાડે જાય.
* ચોર ને કહે ચોરી કર અને ઘરધણીને કહે જાગતો રહેજે.
* જાનમાં કોઇ જાણે નહીં ને વરની ફોઇ હું.
* જીભને હોઠથી છેટુ.
* જંગ જીત્યો રે મારો કાણીયો, જબ બહુ ચલે તબ જાણીયો
* જંપનો પૈસો ન હોવો.
* જેવો દેશ તેવો વેશ.
* જેવો સંગ તેવો રંગ.
* જેની લાઠી એની ભેંસ.
* જેવું વાવો તેવુ લણો.
* જેવી દૃષ્ટી તેવી શૃષ્ટી.
* ઝાઝા રસોઇયા રસોઇ બગાડે.
* ઝાઝા હાથ રળીયામણા.
* ઝાઝા હાથ રળીયામણા અને ઝાઝા મોઢા અદીઠ.

**http://PDFSeva.com**

# સુવાક્યો

:~> મનુષ્યના શરીર મન અને આત્મામાં રહેલા ઉત્તમ અંશોનુ પ્રગટીકરણ એટલે કેળવણી.
:~> મારુ જીવન એજ મારો સંદેશ છે.
:~> બાળકને ઉપદેશ નહી ઉદાહરણ જોઇએ.
:~> શિક્ષકો કોઇપણ દેશ માટે કરોડરજ્જુ સમાન છે.
:~> વિશ્વમાં બીજો કોઇ એવો વ્યવસાય નથી જે સમાજમાં શિક્ષક કરતાં વધારે મહત્વ હોય.
:~> કેળવણી એ સરકારનું એક ખાતુ નથી પણ સરકાર એ કેળવણીની એક શાખા છે.
:~> નવિનીકરણ દ્વારા જ જ્ઞાનને સમૃધ્ધિમાં પલટાવી શકાય છે.
:~> શિક્ષકનું અગત્યનું મિશન છે બાળ અને યુવાચિત્તને પ્રજ્વલિત કરવાનું.
:~> શિક્ષકનું જીવન તો અનેક દિપકોને પ્રગટાવવાનું છે.
:~> શિક્ષક પોતે શીખતો ન રહે તો એ કદી શીખવી ન શકે.
:~> કેળવણી તો વાસનાઓની રીફાઇનરી છે.
:~> શિક્ષણ ચોવિસ કલાકની ઉપાસના છે, લગની છે.
:~> બાળકોને શાબાશી, પ્રશંસા અને પ્રોત્સાહનની જરૂર છે.
:~> બાળક એક જ્યોત છે જેને પેટાવવાની છે.
:~> સાચી કેળવણી તો બાળકોની અંદર રહેલુ હીર પ્રગટાવવામાં રહેલી છે.
:~> હું કદી શીખવતો નથી, હું તો એવા સંજોગો પેદા કરુ છું જેમાં વિદ્યાર્થી શીખે છે.
:~> શિક્ષણ એટલે જાણવું શીખવું અને આચરવું.
:~> તમે ન બોલો તમારા કામને બોલવા દો.
:~> જ્ઞાન એ શાસ્ત્ર અને શસ્ત્ર છે.
:~> ધ્યાન ઇશ્વરનો સાક્ષાતકાર કરવાની આંખ છે.
:~> પ્રાર્થના ઇશ્વર પાસે પહોંચવાની પાંખ છે.
:~> બગીચો પૃથ્વીની સંસ્કૃતિ છે.
:~> બાળકોને વસ્તુઓ નહિ વહાલ જોઇએ છે.
:~> દરેક બાળક એક કલાકાર છે.
:~> વિચાર કરતાં જ્ઞાન સારૂ.
:~> બધુ જ પરિવર્તનશીલ છે, કશું પણ સ્થિર રહેતું નથી,
:~> વિચાર વિના શીખવું તે મહેનત બરબાદ કર્યા જેવું છે વિવેક વિના વિચારવું તે ભયજનક છે.
:~> તમારી વાણી એ તમારા વિચારોને પડઘો છે.
:~> તમારુ વર્તન એ તમારા વિચારોનું પરિણામ છે.
:~> જીવનની પરિસ્થિતિનો સામનો કરવાની યોગ્યતાનું નામ શિક્ષણ છે.
:~> મનથી મનન કરવું અને હાથથી કર્મ કરવું એ મનુષ્યની બે વિશેષ પ્રવૃત્તિઓ,

http://PDFSeva.com

:~> જીવનને છોડીને બીજું કોઇ ધન જ નથી.
:~> ઉત્તમ પુસ્તકો એ આપણા ઉત્તમ મિત્રો છે.
:~> વિચાર અને વાણી થકી મનુષ્ય ઓળખાય છે.
:~> ભણતર એ જિંદગીનું સાચું ઘડતર છે.
:~> સુંદરતા પામતા પહેલાં સુંદર બનવું પડે છે.
:~> બાળકોને ઘડવાનું કામ મહાન અને પવિત્ર છે.
:~> આળસથી કટાઇ જવા કરતાં મહેનતથી ઘસાઇ જવું વધુ સારુ છે.
:~> એકાંતમાં જાત સાથે વાતો કરવી એટલે પ્રાર્થના.
:~> આજની મહેનત આવતી કાલનું પરીણામ.
:~> દરેક ઉમદા કાર્ય શરૂઆતમાં અશક્ય જ લાગતાં હોય છે.
:~> સંસ્કાર વિનાનું અક્ષરજ્ઞાન, તે સુવાસ વિનાના ફૂલ જેવું છે.
:~> નમ્રતા વગરનો માણસ પાણી વગરની નદી જેવો છે.
:~> સમયની પહેલાં અને તકદીરમાં હોય તેથી વધુ કે ઓછું કોઇને મળતું નથી.
:~> સફળતા મેળવવા ચિંતા નહિ ચિંતન કરો.
:~> આશા એક શમણાં જેવી છે, જે ભાગ્ય જ ફળે છે.
:~> વિદ્યા માનવીના સંસ્કાર સિંચન માટે ચાવીરૂપ છે.
:~> દુર્જનની સોબતથી સદાચાર નાશ પામે છે.
:~> નશીબના ભરોસે બેસી રહેવું તે કાયરતાની નિશાની છે.
:~> સારા વિચાર માનવીને સજ્જન બનાવે છે.
:~> એકની મૂર્ખાઇ બીજાનું નસીબ બને છે.
:~> કરેલો યજ્ઞ, પડેલો વરસાદ અને મેળવેલી વિદ્યા કદી નિષ્ફળ જતાં નથી.
:~> અસત્ય વિજયી નીવડે તો પણ તે વિજય અલ્પજીવી હોય છે.
:~> પાપ કદી માનવીને ચેનથી સુવા દેતુ નથી.
:~> ત્યાગથી મનની શાંતી પ્રાપ્ત થાય છે.
:~> જીવન સંઘર્ષનું બીજું નામ છે.
:~> જગતના અંધારા ફળે એ સૂર્ય, ઉરના અંધારા ફળે એ ધર્મ.
:~> જેની પાસે ફક્ત પૈસા જ છે, તે મનુષ્ય કરતાં વધારે ગરીબ છે.
:~> જે માણસ જરા પણ સમય ગુમાવતો નથી તેને સમયના અભાવની ફરિયાદ કરવાનો સમય જ નથી.
:~> વાંચન જેટલું બીજુ કોઇ સસ્તું મનોરંજન નથી અને એના જેટલો કોઇ કાયમી આનંદ નથી.
:~> જગતમાં સૌથી મોટો અધિકાર સેવા અને ત્યાગથી પ્રાપ્ત થાય છે.
:~> પરમાત્માની પ્રાર્થના આત્માની અનંત શક્તિઓને જગાડનાર દૈવી બળ છે.
:~> માણસ જ્યારે સંપૂર્ણ માનવતા અપનાવે ત્યારે જ તે દેવ સંજ્ઞાને યોગ્ય થાય છે.

http://PDFSeva.com

:~> જ્યારે તમારે કંઇ કહેવાનું ન હોય ત્યારે સ્મિત તો કરો જ.

:~> એકવાર અંતરાત્માને વેચ્યા પછી તેને ગમે તે કિંમતે ખરીદી શકાશે નહી.

:~> સફળતાના પાયામાં હંમેશાં સંઘર્શ જ હોય છે.

:~> બદલો લેવા કરતાં ક્ષમા હંમેશા સારી છે.

:~> ક્રોધને જીતવા માટે મૌન જેટલું સહાયક બીજું કોઇ નથી.

:~> સહનશીલતા સદ્ગુણોનો આધાર સ્તંભ છે.

:~> વિદ્યા સમાન શરીરને શોભાવનાર બીજી કોઇ વસ્તુ નથી.

:~> જ્યાં બુધ્ધિ શાસન કરે છે, ત્યાં શાંતિમાં વૃધ્ધિ થાય છે.

:~> સિધ્ધિની સીડી ચડવા માટે સાહસ એ પ્રથમ પગથિયું છે.

:~> ઇર્ષા આંધળી હોય છે, તે સત્યને ભાગ્યે જ જોઇ શકતી હોય છે.

:~> નિરાશ થવું એટલે નાસ્તિક થવું.

:~> ચારિત્ર્યનો પાયો સત્કર્મ છે અને સત્કર્મનો પાયો સત્ય છે.

:~> સંજોગો તમારું સર્જન કરે તેને બદલે તમે સંજોગોનું સર્જન કરો.

:~> બાળકને ઉપદેશ નહી ઉદેહરણ જોઇએ.

:~> કોઇકની મહેરબાની માગવી એટલે આપણી સ્વતંત્રતા વેચવી.

:~> જેને હારવાનો ડર છે તેની હાર નિશ્ચિત છે.

:~> મને મળી નિષ્ફળતા અનેક તેથી થયો સફળ કૈંક હું જિંદગીમાં.

:~> દરેક માનવીએ પોતાની જાતને જ વફાદાર રહેવું જોઇએ.

:~> એક આંગણું આપો, આખું આભ નહિ માગું.

:~> અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતનરૂપ.

:~> મારી આળસ જ મને ફુરસદ લેવા દેતી નથી.

:~> સ્વતંત્રતા રાષ્ટ્રનો પ્રાણ છે, ગુલામી તેની શરમ છે.

:~> પ્રેમ પાપીઓને પણ સુધારી શકે છે.

:~> આજના વિચારો આવતી કાલે બોલો.

:~> તમારી વર્તણુક તમારા સંસ્કારનુ પ્રતિક છે.

:~> સદ્ગુણ વિના સુંદરતા અભિશાપ છે.

:~> સજા કરવાનો અધિકાર તેને છે જે પ્રેમ કરે છે.

:~> હાજરીમાં જે તમારાથી ડરે એ ગેરહાજરીમાં ધિક્કારે છે.

:~> કોઇપણ કાર્યનો આરંભ જ એનું સૌથી મહત્વનું અંગ છે.

:~> આળસું માણસ હંમેશા દેવાદાર અને બીજાને ભારરૂપ હોય છે.

:~> સાચું સ્વર્ગ માતાનાં ચરણોમાં છે.

:~> માતા બાળકની શિક્ષા, દિક્ષા અને સંસ્કારનો ગુરૂ છે.

http://PDFSeva.com

:~> બાળકો પ્રભુના પયગંબરો છે.
:~> બાળકો રાષ્ટ્રનું સુકાન છે.
:~> શિક્ષણથી પણ વધારે મહત્વ ચારિત્ર્યનું છે.
:~> ખરાબ અક્ષર એ અધુરી કેળવણીની નિશાની છે.
:~> કોઇપણ કાર્યનો આરંભ જ એનું સૌથી મહત્વનું અંગ છે.
:~> આળસું માણસ હંમેશા દેવાદાર અને બીજાને ભારરૂપ હોય છે.
:~> સાચું સ્વર્ગ માતાનાં ચરણોમાં છે.
:~> માતા બાળકની શિક્ષા, દિક્ષા અને સંસ્કારનો ગુરૂ છે.
:~> બાળકો સાથે સફળતાપૂર્વક કામ પાડવાનું રહસ્ય એના વડીલ ન બનવામાં રહેલું છે.
:~> જો સ્વર્ગમાં જવાની ઇચ્છા હોય તો પહેલા બાળક જેવા બનો.
:~> ચંદ્ર અને ચંદન કરતાં સજ્જનોની સંગતિ વિશેષ શિતળ હોય છે.
:~> સમય કિમતી છે, પણ સત્ય તો એથી વધુ કિમતી છે.
:~> જે કંઇ શીખવવાની હિંમત કરે છે, તેણે ક્યારેય શીખતાં અટકવું ન જોઇએ.
:~> ઉત્તમ પુસ્તકો એ આપણા ઉત્તમ મિત્રો છે.
:~> વિચાર અને વાણી થકી મનુષ્ય ઓળખાય છે.
:~> ભણતર એ જિંદગીનું સાચું ઘડતર છે.
:~> સુંદરતા પામતાં પહેલા સુંદર બનવું પડે છે.
:~> બાળકોને ઘડવાનું કામ મહાન અને પવિત્ર છે.
:~> આળસથી કટાઇ જવા કરતાં મહેનતથી ઘસાઇ જવું વધું સારુ.
:~> એકાંતમાં જાત સાથે વાતો કરવી એટલે પ્રાર્થના.
:~> આજની મહેનત આવતી કાલનું પરીણામ.
:~> દરેક ઉમદા કાર્ય શરૂઆતમાં અશક્ય જ લાગતાં હોય છે.
:~> સંસ્કાર વિનાનું અક્ષરજ્ઞાન તે સુવાસ વિનાનું ફૂલ જેવું છે.
:~> નમ્રતા વગરનો માણસ પાણી વગરની નદી જેવો છે.
:~> સમયની પહેલાં અને તકદીરમાં હોય તેથી વધુ કે ઓછું કોઇને મળતું નથી.
:~> સફળતા મેળવવા ચિંતા નહી, ચિંતન કરો.
:~> આશા એક શમણાં જેવી છે, જે ભાગ્ય જ ફળે છે.
:~> વિદ્યા માનવીના સંસ્કાર સિંચન માટે ચાવી રૂપ છે.
:~> દુર્જનની સોબતથી સદાચાર નાશ પામે છે.
:~> નશીબના ભરોસે બેસી રહેવું તે કાયરતાની નિશાની છે.
:~> સારા વિચાર માનવીને સજ્જન બનાવે છે.
:~> એકની મૂર્ખાઇ બીજાનું નસીબ બને છે.

http://PDFSeva.com

:~> કરેલો યજ્ઞ, પડેલો વરસાદ અને મેળવેલી વિદ્યા કદી નિષ્ફળ જતાં નથી.

:~> અસત્ય વિજયી નીવડે તો પણ તે વિજય અલ્પજીવી હોય છે.

:~> પાપ કદી માનવીને ચેનથી સુવા દેતુ નથી.

:~> ત્યાગથી મનની શાંતિ પ્રાપ્ત થાય છે.

:~> જીવન સંઘર્ષનું બીજું નામ છે.

:~> જગતના અંધારા ફળે એ સૂર્ય, ઉરના અંધારા ફળે એ ધર્મ.

:~> જેની પાસે ફક્ત પૈસા જ છે, તે મનુષ્ય કરતાં વધારે ગરીબ કોઇ નથી.

:~> જે માણસ જરા પણ સમય ગુમાવતો નથી તેને સમયના અભાવની ફરિયાદ કરવાનો સમય જ નથી.

:~> વાંચન જેટલું બીજું કોઇ સસ્તું મનોરંજન નથી અને એના જેટલો કોઇ કાયમી આનંદ નથી.

:~> જગતમાં સૌથી મોટો અધિકાર સેવા અને ત્યાગથી પ્રાપ્ત થાય છે.

:~> પરમાત્માની પ્રાર્થના આત્માની અનંત શક્તિઓને જગાડનાર દૈવી બળ છે.

:~> માણસ જ્યારે સંપૂર્ણ માનવતા અપનાવે ત્યારે જ તે દેવસંજ્ઞાને યોગ્ય થાય છે.

:~> જ્યારે તમારે કંઇ કહેવાનું ન હોય ત્યારે સ્મિત તો કરો જ.

:~> સફળતાના પાયામાં હંમેશાં સંઘર્ષ જ હોય છે.

:~> બદલો લેવા કરતાં ક્ષમા હંમેશા સારી છે.

:~> ક્રોધને જીતવા માટે મૌન જેટલું સહાયક બીજું કોઇ નથી.

:~> સહનશીલતા સદ્ગુણોનો આધારસ્તંભ છે.

:~> વિદ્યા સમાન શરીરને શોભાવનાર બીજી કોઇ વસ્તુ નથી.

:~> જ્યાં બુધ્ધિ શાસન કરે છે, ત્યાં શાંતિમાં વૃધ્ધિ થાય છે.

:~> સિધ્ધિની સીડી ચડવા માટે સાહસ એ પ્રથમ પગથિયું છે.

:~> ઈર્ષા આંધળી હોય છે, તે સત્યને ભાગ્યે જ જોઇ શકતી હોય છે.

:~> નિરાશ થવું એટલે નાસ્તિક થવું.

:~> ચારિત્ર્યનો પાયો સત્કર્મ છે અને સત્કર્મનો પાયો સત્ય છે.

:~> સંજોગો તમારુ સર્જન કરે તેને બદલે તમે સંજોગોનું સર્જન કરો.

:~> બાળકને ઉપદેશ નહી ઉદાહરણ જોઇએ.

:~> કોઇકની મહેરબાની માગવી એટલે આપણી સ્વતંત્રતા વેચવી.

:~> જેને હારવાનો ડર છે, તેની હાર નિશ્ચિત છે.

:~> લોભીને ગુરૂ કે મિત્ર સારા હોતા નથી.

**http://PDFSeva.com**

# ***વિશેષદિન***

:~> ૪જાન્યુઆરી - લુઇબ્રેઇલ જન્મદિવસ.

:~> ૧૨જાન્યુઆરી - સ્વામી વિવેકાનંદ જન્મદિવસ, યુવક દિન.

:~> ૧૪જાન્યુઆરી - મકરસંક્રાંતિ, ઉત્તરાયણ.

:~> ૧૫જાન્યુઆરી - સેના દિન.

:~> ૨૧જાન્યુઆરી - કવિ દલપતરામ જન્મદિવસ.

:~> ૨૩જાન્યુઆરી - સુભાષચંદ્રબોઝ જન્મદિવસ.

:~> ૨૬જાન્યુઆરી - પ્રજાસત્તાકદિન, કવિ કલાપી જન્મદિવસ.

:~> ૨૮જાન્યુઆરી - લાલા લજપતરાય જન્મદિવસ.

:~> ૩૦જાન્યુઆરી - ગાંધી નિર્વાણ દિન, શહિદ દિન.

:~> ૮ફેબ્રુઆરી - ડૉ.ઝાકીરહુસેન જન્મદિવસ.

:~> ૧૩ફેબ્રુઆરી - સરોજીની નાયડુ જન્મદિવસ.

:~> ૧૮ફેબ્રુઆરી - રામકૃષ્ણ પરમહંસ જન્મદિવસ.

:~> ૨૨ફેબ્રુઆરી - ઇન્દુલાલ યાજ્ઞિક જન્મદિવસ.

:~> ૨૫ફેબ્રુઆરી - રવિશંકર મહારાજ જન્મદિવસ.

:~> ૨૮ફેબ્રુઆરી - રાષ્ટ્રીય વિજ્ઞાન દિન.

:~> ૨૯ફેબ્રુઆરી - મોરારજી દેસાઇ જન્મદિવસ.

:~> ૩માર્ચ - ટેલિફોન શોધક ગ્રેહામબેલે જન્મદિવસ.

:~> ૮માર્ચ - આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ.

:~> ૧૨માર્ચ - દાંડીકુચ.

:~> ૧૫માર્ચ - વિશ્વ ગ્રાહક અધિકારદિન.

:~> ૧૬માર્ચ - કવિ ન્હાનાલાલ જન્મદિવસ.

:~> ૨૧માર્ચ - શરણાઇવાદક બિસમિલ્લાખાન જન્મદિવસ, વિશ્વવન દિન.

:~> ૨૨માર્ચ - કવિ સુંદરમ જન્મદિવસ.

:~> ૨૭માર્ચ - વિશ્વરંગભૂમિ દિન.

:~> ૩એપ્રિલ - સેનાપતિ માણેકશાહ જન્મદિવસ.

***http://PDFSeva.com***

:~> ૭એપ્રિલ - વિશ્વ આરોગ્ય દિવસ.
:~> ૧૧એપ્રિલ - રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ.
:~> ૧૩એપ્રિલ - જલિયાંવાલા બાગકાંડ શહિદ દિવસ.
:~> ૧૪એપ્રિલ - છત્રપતિ શિવાજી જન્મદિવસ.
:~> ૨૩એપ્રિલ - વિશ્વ પુસ્તકાલય દિવસ.
:~> ૩૦એપ્રિલ - દાદા સાહેબ ફાળકે જન્મદિવસ.
:~> ૧મે - ગુજરાત સ્થાપના દિવસ, વિશ્વ મજૂર દિન.
:~> ૭મે - પન્નાલાલ પટેલ જન્મદિવસ.
:~> ૮મે - રેડક્રોસ દિન, રવિન્દ્રનાથ ટાગોર જન્મદિવસ.
:~> ૯મે - ઇતિહાસ દિન.
:~> ૧૦મે - ૧૮૫૭ પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ.
:~> ૧૩મે - રાષ્ટ્રીયદિન, એકતાદિન.
:~> ૧૭મે - વિશ્વ કૉમ્યુનિકેશન દિન.
:~> ૨૨મે - રાજારામ મોહનરાય જન્મદિવસ.
:~> ૨૫મે - જે.કૃષ્ણમૂર્તિ જન્મદિવસ.
:~> ૨૮મે - વીર સાવરકર જન્મદિવસ.
:~> ૩૧મે - તમાકુ નિષેધદિન.
:~> ૫જૂન - વિશ્વ પર્યાવરણ દિન.
:~> ૭જૂન - મહારાણા પ્રતાપ જન્મદિવસ.
:~> ૨૪જૂન - પંડિત ઓમકારનાથ જન્મદિવસ.
:~> ૨૬જૂન - બંકિમચંદ્ર જન્મદિવસ.
:~> ૧૧જુલાઇ - વિશ્વ વસ્તી દિન.
:~> ૨૧જુલાઇ - ઉમાશંકર જોષી જન્મદિવસ.
:~> ૨૩જુલાઇ - લોકમાન્ય ટીળક જન્મદિવસ.
:~> ૧ઑગષ્ટ - કલાગુરુ રવિશંકર રાવલ જન્મદિવસ.
:~> ૨ઑગષ્ટ - વૈજ્ઞાનિક સર પ્રફુલચંદ્ર જન્મદિવસ.

http://PDFSeva.com

:~> ૬ઑગષ્ટ - હિરોશીમા દિન.

:~> ૮ઑગષ્ટ - ૧૯૫૬ મહાગુજરાત આંદોલન, શહીદ દિન.

:~> ૯ઑગષ્ટ - 'ભારત છોડો' ચળવળ દિન.

:~> ૧૨ઑગષ્ટ - ડૉ.વિક્રમ સારાભાઇ જન્મદિવસ.

:~> ૧૫ઑગષ્ટ - સ્વાતંત્ર્યદિન.

:~> ૧૭ઑગષ્ટ - ઝવેરચંદ મેઘાણી જન્મદિવસ.

:~> ૨૭ઑગષ્ટ - મધર ટેરેસા જન્મદિવસ.

:~> ૨૯ઑગષ્ટ - ડૉ.જીવરાજ મહેતા જન્મદિવસ.

:~> ૫સપ્ટેમ્બર - ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન જન્મદિવસ, શિક્ષકદિન.

:~> ૮સપ્ટેમ્બર - વિશ્વ સાક્ષરતાદિન.

:~> ૧૧સપ્ટેમ્બર - વિનોબાભાવે જન્મદિવસ.

:~> ૧૪સપ્ટેમ્બર - હિન્દી દિન, અંધજન ધ્વજદિન, બાળ દિન.

:~> ૧૫સપ્ટેમ્બર - ઇજનેરદિન.

:~> ૧૬સપ્ટેમ્બર - વિશ્વ શાંન્તિદિન.

:~> ૨૭સપ્ટેમ્બર - વિશ્વ પ્રવાસન દિન.

:~> ૨૮સપ્ટેમ્બર - શહિદ ભગતસિંહ જન્મદિવસ.

:~> ૧ઓકટોબર - વિશ્વ વૃધ્ધદિન.

:~> ૨ઓકટોબર - ગાંધી જયંતિ, વિશ્વ અહિંસાદિન, લાલબહાદુર શાસ્ત્રી જન્મદિવસ.

:~> ૪ઓકટોબર - શ્યામજીકૃષ્ણ વર્મા જન્મદિવસ, વિશ્વ પ્રાણી દિન

:~> ૮ઓકટોબર - ભારતીય વાયુસેના દિન.

:~> ૯ઓકટોબર - વિશ્વ ટપાલ દિન.

:~> ૧૬ઓકટોબર - વિશ્વ અન્ન દિન.

:~> ૨૪ઓકટોબર - UNO સંયુક્ત રાષ્ટ્રદિન, માનવ હક્કપત્ર દિન.

:~> ૩૦ઓકટોબર - વૈજ્ઞાનિક હોમીભાભા જન્મદિવસ, વિશ્વ બચત દિન.

:~> ૩૧ઓકટોબર - સરદાર વલ્લભભાઇ પટેલ જન્મદિવસ.

:~> ૪નવેમ્બર - બળવંત ફડકે જન્મદિવસ.

http://PDFSeva.com

:~> ૬નવેમ્બર - કવિ ખબરદાર જન્મદિવસ.

:~> ૧૩નવેમ્બર - ભાસ્કરાચાર્ય જન્મદિવસ.

:~> ૧૪નવેમ્બર - બાળદિન, જવાહરલાલ નહેરુ જન્મદિવસ.

:~> ૧૫નવેમ્બર - ગિજુભાઇ બધેકા જન્મદિવસ.

:~> ૧૬નવેમ્બર - રાણી લક્ષ્મીબાઇ જન્મદિવસ.

:~> ૧૯નવેમ્બર - ઇન્દીરાગાંધી જન્મદિવસ.

:~> ૨૬નવેમ્બર - બંધારણ દિન.

:~> ૧ડીસેમ્બર - વિશ્વ એઇડ્સ દિન, કાકાસાહેબ કાલેલકર જન્મદિવસ.

:~> ૩ડીસેમ્બર - વિશ્વ વિકલાંગ દિન.

:~> ૪ડીસેમ્બર - નૌકાદળ દિન.

:~> ૭ડીસેમ્બર - ધ્વજદિન.

:~> ૧૦ડીસેમ્બર - માનવ અધિકાર દિન.

:~> ૧૨ડીસેમ્બર - ધૂમકેતુ જન્મદિવસ.

:~> ૧૪ડીસેમ્બર - રાષ્ટ્રીય ઊર્જા બચત દિન.

:~> ૨૩ડીસેમ્બર - કિસાન દિન.

:~> ૨૪ડીસેમ્બર - રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિન.

ખાસ નોંધ : આમાં કોઇ ભૂલ ચૂક હોય તો મહેરબાની કરી જાણ કરવા વિનંતી

**http://PDFSeva.com**